સુવિચાર

સમતોલ વર્તન જ વ્યકિતનો વિકાસ કરે છે. વિકાસ માટે જરૂરી છે આપણું મન આનંદમાં રહે.

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨–૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૧૦/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ આસો સુદ–૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૬૧


## માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓને જનતા જનાર્દનની કોઈ ચિંતા નથી

# ગર્લ્સ હાઈસ્કૂલથી સરદાર સર્કલ સુધીનાં માર્ગની મરામતમાં દે ધનાધન

### અર્ધા કિ.મી.નાં માર્ગની મરામતમાં ફોરલેનને બદલે એક લેનમાં કારપેટ કરાઈ

### ટુ વ્હીલર લઈને પસાર થનાર માર્ગની વચ્ચેની કડ ગોથા ખવરાવી રહી છે

### સરકીટ હાઉસ સામે શાલીમાર પાન નજીકની હાલત સુધારવામાં ન આવી

### ટકાવારી અને તગડો પગાર મળતો હોય આમ આદમીની કોઈ સમસ્યાની ખબર જ નથી

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં માર્ગ–મકાન વિભાગ એટલે ભ્રષ્ટાચારનો અડિંગો, ટકાવારી લેવી, નેતાઓની ચાપલુસી કરવી અને તગડો પગાર મળતો હોય આમ આદમીની કોઈ ચિંતા જ નથી.

મીયિમાં ભારે હલ્લાબોલ થતાં મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલથી સરદાર સર્કલ સુધીનાં ફોરલેનમાર્ગમાંથી શહેરીજનો ઉપર ઉપકાર કરતાં હોય તેમ માત્ર એક લેના ઉપર કારપેટ બનાવીને બુધ્ધિનું પ્રદર્શન કર્યુ હોય સ્પષ્ટ જોવા મળી રહ્યું છે.

એક બાજુનાં માર્ગનીસ કડ પડતાં ટુ–વ્હીલર વાહન ચાલક જરાપણ ધ્યાન ન રાખે તો સ્લીપ થઈ જવાની પુરી સંભાવના છે અને દરરોજ અનેક ટુ–વ્હીલર કાબુ ગુમાવી રહ્યા છે. પરંતુ વાતાનુકુલિન કચેરી અને કારમાં બિરાજતાં અધિકારીઓને તો તેની ટકાવારીમાં જ રસ છે.

સરદાર સર્કલ નજીક શાલીમાર પાન સામેનાં માર્ગની હાલતથી લઈને ઠેબી જળાશયનાં પાળા સુધી માર્ગની હાલત ખરાબ છે પણ તેની મરામત કયારે કરાશે તેની કોઈને ખબર નથી.

અમરેલી શહેરની દોઢ લાખની જનસંખ્યા ખરેખર આજે દયનીય હાલતમાં છે. ગંદકી, બિસ્માર માર્ગો, બંધ સ્ટ્રીટલાઈટ, જાહેર શૌચાલયની નર્કાગારની સ્થિતિ, રખડતા પશુઓ, આડેધડ વાહન પાર્કિંગ, ફૂટપાથ ઉપર દબાણ સહિતની સમસ્યાઓની ભરમાર છતાં પણ એકપણ સરકાર વિભાગ જનતાની પરેશાની દૂર કરી શકતો નથી તે હકીકત છે.

### સાવરકુંડલા નજીક આવેલ

## મોટા જીંજુડા ગામે મહિલાનું આંતરડામાં સોજા આવી જતાં મોત

### સોજાનાં કારણે પેટમાં દુઃખાવો થતો હતો

અમરેલી, તા. ૨૩

સાવરકુંડલા તાલુકાનાં મોટા જીંજુડા ગામે રહેતા માયાબેન લક્ષ્મણભાઈ ઉનાવા નામનાં ૨૭ વર્ષિય પરિણીતાને તા. ૨૧/૧૦નાં રોજ સવારથી પેટમાં દુઃખાવો થતો હોય. જેથી તેણીને સારવાર માટે દવાખાને લઈ જતાં ડોકટરે આંતરડામાં સોજો આવવાથી પેટમાં દુઃખાવો થતો હોય. જેના કારણે તેણીનું મોત નિપજયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.


શુભ પ્રસંગોને કાયમી સંભારણું બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
અમરેલી શહેરનું નવલું નજરાણું...
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ...
શહેરની મધ્યમાં ''રાજકમલ ચોક''માં ભવ્ય રોયલ પેરેડાઇઝ કોમ્પ્લેક્ષમાં સુંદર, સુશોભિત, સગવડતા સાથે...
૭૦ થી ૧૦૦ લોકોના શુભ પ્રસંગો માટે નવો ખુલ્યો છે
''બોનાન્ઝા બેન્કવેટ''
વ્યાજબી ભાડુ ▪ યોગ્ય કેટરર્સ ▪ ડેકોરેશન વિવિધ સર્વિસ સાથે...
પિનાકીનભાઈ ચિતલીયા
મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪ / ૮૩૫૬૮ ૪૯૧૯૩


### પોલીસ અધિક્ષકનાં માર્ગદર્શનતળે સ્થાનિક પોલીસનો સપાટો

# લાઠીનાં શેખપીપરીયા ગામે થયેલ હત્યાનાં ગુન્હાનાં આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી લેવાયા

### સામાન્ય બાબતે હત્યા કરનાર ૩ આરોપી સામે કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૩

લાઠીના શેખપીપરીયા ગામે વ્હેલી સવારે થયેલી હત્યાનાં ગુન્હામાં પોલીસે ગણતરીની કલાકોમાં જ આરોપીની અટકાયત કરી લીધી છે.

આ કામની હકીકત એવી છે કે, આ કામનાં ફરીનાં માતા તથા પિતાને મો.સા.વેંચવા બાબતે ઝઘડો થયેલ હોય જેથી ફરીની માતા ગજરીબેન ફરીનાં મામાએ જે જગ્યાએ ભાગીયુ વાવા રાખેલ હોય તે વાડીએ ત્રણેક દિવસથી રીસામણે જતી રહેલ હોય જેથી ગઈ કાલનાં રાત્રીનાં ફરીનાં પિતા તેના મામા ગેંદાભાઈને ત્યાં જઈ ગાળો આપી ઝઘડો કરી પરત તેમની વાડીએ આવતા રહેલ હોય જે વાતનું ફરિ.નાં મામાને સારૂ નહી લાતા આજરોજ વહેલી સવારનાં આશરે છએક વાગ્યે ફરીના મામા ગીન્દરીયાભાઈ જોહરૂભાઈ મેહડા તથા ગેંદાભાઈ જોહરભાઈ મેહડા તથા નાનકો ગેંદાભાઈ મેહકા રહે. ત્રણેય હરદાસપુર (એમ.પી.) વાળાઓએ ધોકા જેવા હથીયાર ધારણ કરી ફરી.ની ભાગીયું રાખેલ વાડીએ આવી ફરીનાં પિતા સુતેલ હોય તેને માથાનાં ભાગે તથા શરીરે ધોકા વડે આડે ધડ માર મારી




અનુસંધાન પાના ૬ ઉપર



ઈનામોની વણજાર
તા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૩ થી તા. ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ સુધી
રૂા.૧૦,૦૦૦ કે તેથી વધુના દાગીનાની ખરીદી કરો અને મેળવો
૧૦,૦૦૦ ઈનામો જીતવાની તક
રૂા.૧૦,૦૦૦ કે તેથી વધુની ખરીદી કરો અને મેળવો લાખોનાં ઈનામ જીતવાની તક...
આયોજક
નિલકંઠ જ્વેલર્સ® (લાઠીવાળા)
માણેકપરા, ભગવતી ચોક, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ ૨૩૦૫૫૭

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી. (જંગરવાળા)
સમય અને શ્વાસ પૈસા કરતા વધુ મુલ્યવાન છે
લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166


### લીલીયા નજીક આવેલ

## ગોઢાવદર ગામે ભુલથી એસીડ પી જતાં યુવકનું સારવાર દરમિયાન મોત

### બનાવ અંગે સ્થાનિક પોલીસે કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૨૩

લીલીયા તાલુકાનાં ગોઢાવદર ગામે રહેતા નિરજભાઈ મુકેશભાઈ ડાભી નામનાં ૨૦ વર્ષિય યુવક ભુલથી એસીડ પી જતાં તેમને ૧૦૮ મારફત અમરેલી સરકારી દવાખાને બાદમાં ખાનગી દવાખાને ખસેડાતા તેમનું મોત નિપજયાનું લીલીયા પોલીસમાં જાહેર થવા પામેલ છે.


Sheetal
નવરાત્રી ઓફર
FREE
2 ટ્રેડિશનલ કુલ્ફી
Rs. 300/- ના બિલ પર
શીતલ રેસ્ટોરેન્ટ એન્ડ પાર્લર S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. | શીતલ ગાર્ડન પાર્લર, અટલ પાર્ક, લાઠી રોડ રેલવે ક્રોસિંગ, અમરેલી. | શીતલ ગાર્ડન પાર્લર, અટલ પાર્ક, કોલેજ સર્કલ, અમરેલી.
તા. 15/10/2023 થી 23/10/2023 સવારે 10:00 થી રાત્રે 11:00

IJSF INDIA JEWELLERY SHOPPING FESTIVAL 2023
Powered by DIVINE SOLITAIRES
15TH OCT to 22ND NOV
માનવંતા ગ્રાહકો દશેરા નાં તહેવાર નિમિત્તે શુકનવંતી ખરીદી કરવા પધારો...
આકર્ષક જ્વેલરી ખરીદો, ચમકદાર ઈનામો મેળવો.
An initiative by GJC
Rs.25000 ની કિંમતની જ્વેલરીની ખરીદી પર મેળવો કુપન અને લિમિટેડ એડિશન ચાંદીનો સિક્કો
તેમજ નક્કી કરેલા ડ્રો તરીકે 5000 કુપનના દરેક સેટ પર 25 ગ્રામ સોનાનો સિક્કો
Chamkegi Sabki Kismat! Win
1 કિલો સોનાના 5 ઈનામો
10 લાખની કિંમતની જડાવ જ્વેલરીના 5 ઈનામો
10 લાખની કિંમતની ટેમ્પલ જ્વેલરીના 5 ઈનામો
5 લાખની કિંમતની ડાયમંડ જ્વેલરીના 10 ઈનામો
2.5 લાખની કિંમતની સોનાની જ્વેલરી ના 10 ઈનામો
"Divine Solitaires" તરફથી ડાયમંડ સ્ટડેડ સોનાના સિક્કાના 100 ઈનામો
BUY FROM ONE OF THE BEST JEWELLERS IN THE COUNTRY
T&C Apply
The jewellery images shown are for illustration purposes only.
સોની જમનાદાસ મુળજીભાઈ બાબરાવાળા
ટાવર રોડ, અમરેલી • ફોનઃ (02792) 222815 - 227236
મેઈન બજાર, બાબરા • 97125 59797 • ફોનઃ (02792) 233235
સોનાનો ભાવ જાણવા ફોન કરો. 94090 42003

# અમરેલીનાં તપોવન આશ્રમ ખાતે લુહાર સમાજનાં અગ્રણી દ્વારા ગાયત્રી યજ્ઞ યોજાયો



સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત ''નિરાધારનો આધાર'' સારહી તપોવન આશ્રમ ખાતે તેમનાં સ્વપ્ન દ્રષ્ટા–લોકસેવક મુકેશભાઈ સંઘાણીનાં સંકલ્પ અનુસાર બની રહેલા તપોવન આશ્રમનું નિર્માણકાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે. અમરેલી લુહાર સમાજના મંત્રી દિનેશભાઈ કનાડીયા સહ પરિવારને બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધિ કરી ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો હરેશભાઈ જાનીએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો. આ તકે નગરપાલિકાનાં પૂર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, કપિલભાઈ જાની સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા. સારહી પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ. તેમ સંસ્થાની યાદીમાં જણાવવામાં આવેલ છે.

### સામાજીક કાર્યકર્તા કાંતિલાલ પરમારે તટસ્થ તપાસની કરી માંગ

## ઝાંઝરીયા ખાતે અનુસૂચિત જાતિના મુખ્ય શિક્ષક કાંતિલાલ ચૌહાણનો જાતિવાદનાં ઝેરનાં કારણે ભોગ લેવાયો

### આઝાદીનાં ૭૫ વર્ષ પછી પણ જાતિવાદ બરકરાર

બગસરા, તા. ૨૩

બગસરા તાલુકાના ઝાંઝરીયા ગામે પ્રાથમિક શાળામાં નોકરી કરતા અનુસૂચિત જાતિના કાંતિભાઈ બધાભાઈ ચૌહાણ નામના મુખ્ય શિક્ષકે ગામના સરપંચ, ભાજપના આગેવાન અને અન્ય ત્રણ શિક્ષિકાઓના શાળામાં જાતિગત માનસિક ત્રાસના લીધે આત્મહત્યા કરી લીધી છે તેવા મતલબની ફરિયાદ કાંતિલાલ બધાભાઈ ચૌહાણના પત્નિ રામુબેન દ્વારા બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલ છે.

બગસરા તાલુકાના ઝાંઝરિયા ગામે પ્રાથમિક શાળામાં છેલ્લા બે વર્ષથી મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા અનુસૂચિત જાતિના ૪૮ વર્ષના કાંતિલાલ બધાભાઈ ચૌહાણે ગામના આગેવાન અને સરપંચ તેમજ શાળાની ત્રણ શિક્ષિકાઓના માનસિક અને જાતિગત ત્રાસના લીધે કંટાળી આ બાબતનો વિડિઓ બનાવી ઝેરી દેવા પીને શિક્ષકે આત્મહત્યા કરી લીધી હતી, પ્રથમ બગસરા સારવાર માટે ખસેડેલ જયાંથી વધુ સારવાર માટે જૂનાગઢ રીફર કરવામાં આવતા ડોકટરે મૃત જાહેર કરેલ હતા.

આ આત્મહત્યાની ઘટનામાં મરનાર શિક્ષકના સાથી ત્રણ શિક્ષિકાઓ,ગામના સરપંચઅને ભાજપના આગેવાન પર પોતાને માનસિક ત્રાસ ગુજારવાનો આરોપ મરતા પહેલા મરનાર શિક્ષક દ્વારા વિડિઓ બનાવી લગાવ્યો હતો.

જૂનાગઢ ખાતે મૃતકનું પોસ્ટ મોર્ટમ કરાવી મૃતકની ડેડબોડી બગસરા પોલીસ સ્ટેશન લાવી પરિવારજનોએ આરોપીઓને પકડવાની કાર્યવાહી કરવાના માંગ સાથે લાશ લેવાની ના પાડી દીધી હતી, જેના લીધે પોલીસ હરકતમાં આવી અને બગસરા પોલીસ છાવણીમાં ફેરવાયુ હતું. અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ઝાંઝરિયા ગામની પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકે દવા પીને આત્મહત્યા કરી લીધી હતી જે બાબતે પાચ લોકો સામે એકબીજાને મદદગારી કરી પોતાના પતિ એવા ઝાંઝરીયા શાળાના મુખ્ય શિક્ષકને મરવા માટે મજબુર કરવાની અને જાહેરમા જ્ઞાતિ આધારિત હડધૂત કરી અપમાનિત કરવાની એટ્રોસિટી એકટ હેઠળ બગસરા પોલીસ સ્ટેશનમાં મરનારના પત્નિ રામુબેન કાંતિલાલ ચૌહાણ દ્વારા નોંધાવવામાં આવેલ છે.

બગસરાની ઝાંઝરિયા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક કાંતિલાલ ચૌહાણે ઝેરી દવા પી આપઘાત કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે, અને આરોપીઓ સામે ફીટકારની લાગણી વરસી રહી છે. બગસરા ખાતે રહી ઝાંઝરીયા શાળામાં નોકરી કરતા અનુસૂચિત જાતિના આપઘાત કરનાર શિક્ષકનું નામ કાંતિભાઈ ચૌહાણ છે, જેઓ સવારમાં વહેલા નિશાળેઆવી બાળકોનો અભ્યાસ સુધરે તે માટે બે કલાક વધારે અભ્યાસ કરાવતા હતા જે આરોપીઓને ગમતું ન હતું આરોપ છે કે,ગામના સરપંચ અને આગેવાન સહીતના આરોપીઓ વારંવાર કાંતિભાઈ ચૌહાણને જ્ઞાતિ પ્રત્યે જાહેરમાં હડધૂત કરતા હતા જેમાં સાથી ત્રણ શિક્ષિકાઓ સાથે રહી માનસિક ત્રાસ આપતા હતા,આ વારંવાર બનતી ઘટનાઓથી ત્રાસી મુખ્ય શિક્ષક કાંતિલાલ ચૌહાણ દ્વારા વિડિઓ બનાવી પોતાની વ્યથા ઠાલવી પછી ઝેરી દવા પી લેતા તેમનું મોત થયુ હતુ.

બગસરા પોલીસ સ્ટેશનમાં મરનાર મુખ્ય શિક્ષક કાંતિલાલ ચૌહાણના પત્નિ રામુબેન કાંતિલાલ બધાભાઈ ચૌહાણ દ્વારા આઈપીસી ૩૦૬,૧૧૪, અને અનુસૂચિત જાતિ અને જન જાતિ (અત્યાચાર અટકાવ ) અધિનિયમની કલમ ૩(૧)(આર), ૩(૨)(વી) હેઠળ તા. ૨૧/૧૦/૨૦૨૩ના રોજ ફરિયાદ નોંધાવેલ છે. જે ફરિયાદમાં ૩ રંજનબેન લાઠીયા, હંસાબેન ટાંક, ભાવનાબેન વોરા મહિલા શિક્ષકાઓ સહિત અન્ય ૨ વ્યક્તિ વિપુલભાઈ કયાડા,મુકેશભાઈ બોરીસાગર સહિત કુલ ૫ વ્યક્તિ સામે પોલીસ ફરીયાદ નોંધવામાં આવી છે.

મૃતક પરિવાર દ્વારા મૃતદેહને પોલીસ સ્ટેશન સામે રાખી આરોપીને પકડવા માટેની કાર્યવાહી કરવાની માંગ કરી હતી. અને જયાં સુધી આરોપીઓના પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવાનો પણ પરિવારજનોએ ઈન્કાર કરી દીધો હતો, પોલીસ દ્વારા મુખ્ય આરોપીની ધરપકડ કરી લેવામાં આવેલ છે.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૫૯(૧) મુજબ નૈતિક અધઃપતનનો પણ ગુનો બનતો હોઈ તાત્કાલિક જીલ્લા વિકાસ અધિકારીએ સરપંચને હોદ્દા પરથી સસ્પેન્ડ કરવા કાંતિલાલ પરમારે માંગ કરેલ છે.

## ઉના ખાતે નાફેડ ગૃપની સસ્તી ચણા દાળની દુકાન ખુલ્લી મુકવામાં આવી




તસ્વીર : ધર્મેશ મહેતા–ઉના

ઉના, તા. ૨૩

ઉના ખાતે આવેલ ગોદરા ચોક ખાતે ચણા દાળ વેંચાણનું ઉદઘાટન રીબીન કાપીને કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકારના સહયોગથી નાફેડ ગ્રૂપ દ્વારા સૌથી સસ્તી ચણા દાળનું વેંચાણ શરૂ કરવામાં આવ્યું હતું. અને બજારમાં મળતી ઉંચી કિંમતની દાળ કરતા આ દાળ માત્ર ૬૦ રૂપિયા જેટલી નજીવી કિંમતે વેંચાણ કરવામાં આવ્યું હતું. અને ઉના તાલુકાનાં ગામે ગામ મીની વાહનો મારફતે વેંચાણ કરવામાં આવ્યું હતું. તેવું મિથુન જોબનપુત્રાની યાદીમાં જણાવાયું હતું.

## સાવરકુંડલા : ગુણુબાપુની ૪૬મી પુણ્યતિથિ ઉજવાઇ



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલામાં છેલ્લા ૪૬ વર્ષથી માનવ, આરોગ્ય, શિક્ષણ અને જીવદયાની સામાજિક સેવા પ્રવૃત્તિ કરતી સંસ્થા 'ગુણવંત નિમાવત સ્મારક ટ્રસ્ટ' દ્વારા ૪૬માં સ્મૃતિદિન નિમિત્તે આજરોજ હવનાષ્ટમી રવિવાર તારીખ ૨૨/૧૦/૨૦૨૩ ના રોજ માદરે વતન નિવાસી ખેતાણી પરિવારના વીમળાબેન ચંપકલાલ ખેતાણી ફાઉન્ડેશન મુંબઈના સહયોગથી આ સેવાપ્રવૃત્તિમાં ટ્રસ્ટના હોદ્દેદારો હરેશભાઈ ભટ્ટ, હર્ષદભાઈ વળિયા, કે.ડી. મહેતા, રતીભાઈ બારોટ, પ્રકાશભાઈ ગૌસ્વામી, નંદલાલ સાદિયા અને મિત્રોએ જુદી જુદી ટીમ બનાવી છેવાડેના જરૂરતમંદ વિસ્તારોમાં મીઠાઈ નાસ્તા પેકેટ વિતરણ કરેલ. જરૂરતમંદ પરિવારના બાળકોએ મીઠાઈનું પેકેટ મેળવી દાતાશ્રી પ્રત્યે પોતાનો રાજીપો વ્યકત કરી માનવસેવાની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.

## દિવાળીનાં તહેવારોને અનુલક્ષીને ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલમાં ૧૦ થી ૧૫ નવેમ્બર સુધી રજા રહેશે

### પ્રસૃતિ અને ઈમરજન્સી વિભાગ શરૂ રહેશે

ટીંબી, તા. ૨૩

ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલ ખાતે દિવાળીનાં તહેવારો નિમિત્તે ૧૦ નવેમ્બરથી ૧૫ નવેમ્બર સુધી હોસ્પિટલનું કામકાજ ૬ દિવસ બંધ રહેશે.

પ્રસૃતિ અને ઈમરજન્સી વિભાગ શરૂ રહેશે.

### ભાજપનાં રાજમાં ભ્રષ્ટાચારમાં વધુ એક પુલ તુટી ગયો

## ગુજરાતમાં વારંવાર પુલ તુટવા, પેપર ફુટવા એ ભાજપનાં ભ્રષ્ટાચારનાં બેનમુન નમુના છે

### પ્રદેશ કોંગ્રેસનાં મંત્રી ડો. મનિષ દોશીનો ચોંકાવનારો આક્ષેપ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતમા બ્રિજ અકસ્માત, બાંધકામ તુટવાની વારંવાર બનતી ઘટનાઓને પરિણામે ગુજરાતનાં લાખો નાગરિકોના જીવ જોખમમાં મુકાય છે. તેમ છતાં ભાજપ સરકારનાં માર્ગ મકાન વિભાગ અને ભાજપ શાસિત કોપોરેશનનું સમગ્ર ઘટનામાં ગુનાહિત મૌન ચિંતાજનક છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, મહેસાણા અને આજે પાલનપુરમાં બ્રિજ અકસ્માત, બાંધકામ તુટવાની ઘટનાની તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો.મનિષ દોશીએ જણાવ્યું હતું કે, પાલનપુર એક નિર્માણધીન ઓવરબ્રીજ ધરાશાઈ થતાં પાલનપુર આર.ટી.ઓ.સર્કલ નજીક આ ઓવરબ્રીજ ભ્રષ્ટાચારનો બેનમુન નમુનો છે. ગુજરાતમાં જુદા જુદા જિલ્લાઓમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટનાઓમાં ગુનાહિત બેદરકારી આચરનારા જવાબદાર અધિકારી કોન્ટ્રાકટર પર ભાજપ સરકારનાં આશીર્વાદ હોવાને કારણે કોઈ નકકર પગલાં ભરવામાં આવતા નથી. જે ખુબ જ ચિંતાજનક બાબત છે. ચુંટણીમાં કરોડો રૂપિયા ફંડ આપનાર મળતિયા કંપનીઓને બ્રિજ બાંધકામ સહિત કરોડો રૂપિયાના કોન્ટ્રાકટની લ્હાણી કરતી ભાજપ સરકાર બ્રિજ અકસ્માત, દુર્ઘટના મુદે મૌન કેમ છે ? છેલ્લા આઠ વર્ષમાં બ્રિજ બાંધકામ, અકસ્માતમાં બે નાગરિકોના મોત અને ૧૪ થી વધુ નાગરિકો ગંભીર રીતે ઘાયલ થયા છે. બ્રિજનું બાંધકામ કરનાર માત્ર એક જ કંપનીએ કરોડો રૂપિયા ચુંટણી ફંડ સતાવાર આપ્યું છે. સાથો સાથ અંડરટેબલ લેતી – દેતીની રકમનો અધધ આંકડો જાણવા મળે છે.

રાજયમાં વારંવાર બનતી બ્રિજ દુર્ઘટના બાદ પણ ભાજપ સરકાર જવાબદાર અધિકારી, કોન્ટ્રાકટર સામે પગલાં ભરવામાં આડા કાન કરે છે. અમદાવાદમાં શાંતિપુરામાં બ્રિજ અકસ્માત, બાંધકામ તુટવાની ગંભીર ઘટનામાં પણ બ્રિજ નિર્માણની કામગીરી બ્લેકલિસ્ટ કંપનીને કેમ વારંવાર કામ આપવામાં આપે છે. ? તેનો જવાબ ગુજરાતની જનતા જાણવા માંગે છે. ભાજપ સરકારનાં 'ભ્રષ્ટાચાર મોડલ' થી ગુજરાતનાં સામાન્ય નાગરિકો પરેશાની ભોગવી રહયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, રાજકોટ, મહેસાણા જિલ્લામાં સાત જેટલી બ્રિજ અકસ્માતની ઘટનામાં બે નાગરિકોના પોતાનો જીવ ગુમાવ્યો છે. કંપની પાસેથી કરોડો રૂપિયાનું ચુંટણી ફંડ લેતી ભાજપ સરકાર ગુજરાતનાં નાગરિકોની સલામતીને નવે મુકીને માત્ર ચુંટણી ફંડ મેળવવા માટે રસ હોય તેમ જણાઈ રહયું છે. કોંગ્રેસ પક્ષ માંગ કરે છે કે ગુજરાતમાં સાત જેટલા બ્રિજ અકસ્માત, બાંધકામ તુટવાની ઘટનાઓમાં થયેલી ગુનાહિત બેદરકારી માટે જવાબદાર અધિકારી, કોન્ટ્રાકટ સામે તાત્કાલીક તટસ્થ તપાસ કરવામાં આવે અને નકકર પગલા ભરવામાં આવે તોજ આવી ગંભીર દુર્ઘટના અટકાવી શકાશે અને માનવજીંદગી બચાવી શકાશે.

### કોઈપણ હિન્દુવાદી સંગઠન પણ નારાજગી વ્યકત કરતું નથી

## બગસરાનાં જુના ઝાંઝરીયાના દલિત શિક્ષકની આત્મહત્યા સામે રાજકીય પક્ષો મૌન

### દલિત સમાજનાં અગ્રણી શાંતીલાલ રાણવાનો વેધક પ્રશ્ન

અમરેલી, તા. ૨૩

બગસરા તાલુકાનાં જુના ઝાંઝરીયા ગામે સરપંચ, ઉપસરપંચ તથા ત્રણ શિક્ષિકાઓના ત્રાસના કારણે આત્મહત્યા કરી લેનાર પ્રા.શાળાનાં દલિત આચાર્ય કાંતિભાઈ ચૌહાણ માટે સંવેદનાના બે શબ્દો પણ જિલ્લાનાં કોઈ જ પક્ષનાં આગેવાનો, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળે ઉચાર્યા નથી. ભાજપ, સંઘ પરિવાર દલિત વસ્તીની મુલાકાતે જઈ ચુંટણીલક્ષી દેખાવો કરીને



પ્રજાને ભરમાવી રહયા છે. ત્યારે આ જન ધન્ય અને કુર બનાવ માટે ભાજપ, સંઘ, વિશ્વહિંદુ પરિષદ, બજરંગદળ કંઈક પ્રતિભાવ આપે તેવી વિનંતી ભાજપ, સંઘમાં રહેનાર દલિત આગેવાનોને શાંતિલાલ રાણવાએ વિનંતી કરી છે. આરોપીઓને જામીન ન મળે બને સખ્ત સજા થાય તેવા પગલા લેવા પોલીસ, સરકાર અને ત્યાયતંત્રને રાણવાએ વિનંતી કરી છે. તેમ રાણવાની યાદીમાં જણાવે છે.?

# ધારી ખોડિયાર મંદિર, આંબરડી સફારી પાર્ક સહિતનાં ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સાફ સફાઇ કરવામાં આવી



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાંસમગ્રદેશમાંચાલી રહેલા સ્વચ્છ ભારત અભિયાનને જન આંદોલન બનાવવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સમગ્ર રાજયમાં આગામી બે માસ સુધી પ્રતિ દિન સ્વચ્છતા કાર્યક્રમો યોજવાની પહેલ કરી હતી. રાજયના આ ચાર પખવાડીયાના મહા સ્વચ્છતા અભિયાનમાં બીજા રવિવારે સ્વચ્છતા કેલેન્ડર મુજબ ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સાફ સફાઈ કરવામાં આવી હતી. જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રા ધામ ગળધરા ખોડિયાર મંદિર, આઈકોનીક પ્રવાસન સ્થળ આંબરડી સફારી પાર્કથી લઈને વિવિધ તાલુકાઓના નાના – નાના મંદિરો, પ્રવાસન સ્થળો, યાત્રાધામો ખાતે સરકારી અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિકો, સમાજ સેવી સંસ્થાઓ અને જિલ્લાના સ્વચ્છા ગ્રહીઓએ સાથે મળીને સ્વચ્છતા માટે શ્રમદાન કર્યુ હતું. અમરેલી તાલુકાના ગીરિયા ગામે સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત મંદિરની સામૂહિક સફાઈ કરવામા આવી હતી.લીલીયા તાલુકાના વિવિધ ગામોમાં સરપંચઓ, સદસ્યો, આગેવાનો તલાટી મંત્રીઓ, તાલુકા પંચાયતના કર્મચારીઓ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા.બાબરતા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઉત્સાહભેર સ્વચ્છતા અભિયાન યોજાયું હતું.ગામના વડીલો પણ આ અભિયાનમાં જોડાતા સૌને ઉત્સાહ પુરો પાડયો હતો. જાણીતા સ્થળો ઉપરાંત જિલ્લાના નાના યાત્રાધામો. મંદિરો, ડેરીઓની પણ સાફ સફાઈ કરવામાં આવી હતી.જેમાં ધારી તાલુકાના સમઢિયાળા ગામે મંદિરની આસપાસ સ્વચ્છતા અભિયાન યોજાયું હતું.ખાંભા તાલુકામાં ત્રાકુડા ગામે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત મંદિર ઉપરાંત જાહેર મોર્ગોની સરપંચ, ઉપસરપંચ, ગ્રામજનો અને સદસ્યોએ સફાઈ કરી હતી. આ કાર્યક્રમમાં એસ.બી.એમનો સ્ટફ પણ ઉપસ્થિત રહ્યો હતો. રાજુલા તાલુકાના વિવિધ ગામોમાં સ્વચ્છતા અભિયાન યોજાયું હતુ. જેમાં ખાખબાઈ ગામે રાધાકૃષ્ણ મંદિરની સાફ સફાઈ કરવામાં આવી હતી. આ કડીના ભાગરૂપે અમરેલી જિલ્લાના મોટા મુંજીયાસર ગામે ગ્રામજનોએ શિવ મંદિરની સાફ સફાઈ કરી હતી. અમરેલી જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારના જાફરબાદ તાલુકામાં પણ સ્વચ્છતા અભિયાન ઉત્સાહભેર યોજાયું હતું. જાફરબાદના ભાડા ગામેસ્વચ્છતા અભિયાન અંતર્ગત ગ્રામજનોએ મંદિરની સાફ સફાઈ કરી આસપાસના વિસ્તારમાંથી કચરો એકત્ર કરી તેનો યોગ્ય નિકાલ કર્યો હતો.

## ધારી, કુંકાવાવ, રાજુલા પંથકમાંથી ૧૩.૭૧ હેકટર જમીનમાંથી દબાણ દૂર

# આનંદો : અમરેલી જિલ્લામાં ગૌચરનાં દબાણને દૂર કરવાનું શરૂ

**આગામી દિવસોમાં જિલ્લામાં થયેલ ગૌચર દબાણને દૂર કરવાની કાર્યવાહી શરૂ રખાશે**

**તાલુકા વિકાસ અધિકારી દ્વારા એક ખાસ ટીમની રચના કરીને ગ્રામ પંચાયત મારફતે દબાણ દૂર કરવાની કામગીરી**

**ગરમલી, ચરખા, પાણીયા દેવ, મીઠાપુર ડુંગરી અને ગીગાસણમાં થયું દબાણ દૂર**

**જિલ્લામાં કુલ 33 દબાણકારોનું દબાણ દૂર થયું હોવાનું નાયબ જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું**

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં જિલ્લા પંચાયત વહીવટીતંત્ર દ્વારા જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ ગૌચર જમીન પરના દબાણ હટાવવા માટે સમિતિની રચના કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં જિલ્લા પંચાયતથી નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) અને ચીટનીશ (જમીન દબાણ)ના નેતૃત્વમાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા તાલુકાની ટીમ બનાવી ગ્રામ પંચાયત મારફતે વિવિધ ગામોમાં ગૌચર દબાણો દૂર કરવા અભિયાન ચલાવવામાં આવી રહ્યું. આ અભિયાન અંતર્ગત ધારી તાલુકાના ગામ ગરમલી ચરખા, પાણીયાદેવ, મીઠાપુર ડુંગરી અને ગીગાસણના કુલ ૧૭ દબાણદારો તથા કુંકાવાવ તાલુકાના લુણીધાર અને નાજાપુર ગામોમાં ૧૦ દબાણદારો અને ધારી-રાજુલા તાલુકાના રાજપરડા ગામના ગૌચરના ૬ દબાણો એમ કુલ ૩૩ દબાણદારોનુ એકંદર કુલ ૧૩.૭૧.૦૨ હેકટર જમીનમાંથી ગૌચર દબાણ દુર કરવામાં આવ્યુ. હજુ પણ તંત્ર દ્વારા ગૌચર પરના દબાણો દુર કરવા કાર્યવાહી યથાવત રહેશે, તેમ નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) જિલ્લા પંચાયત, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

### સામાજિક વનીકરણ વિભાગ અમરેલી દ્વારા

## વન વિભાગ દ્વારા કચરો એકઠો કરીને યોગ્ય નિકાલ કરવામાં આવ્યો

**કુંકાવાવ તાલુકાની મુંજીયાસર રેન્જમાં સાફ-સફાઈ અભિયાન ઝુંબેશ યોજાઈ**



અમરેલી તા. ૨૩

રાજયવ્યાપી 'સ્વચ્છતા' અભિયાન અંતર્ગત રાજયના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં સ્વચ્છતા ઝુંબેશને વધુ અસરકારક બનાવવા હવે દૈનિક ધોરણે ખાસ 'સ્વચ્છતા' ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લામાં આગામી બે મહિના દરમિયાન સાફ-સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે ઉપરાંત આગામી ૮ સપ્તાહ દરમિયાન દર રવિવારે થીમ આધારિત વિશેષ સ્વચ્છતા ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજયમાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ વેગવંતી બની છે. સામાજિક વનીકરણ વિભાગ અમરેલી દ્વારા કુંકાવાવ તાલુકાની મુંજીયાસર રેન્જમાં સાફ - સફાઈ અભિયાન ઝુંબેશ યોજાઈ હતી.વન વિભાગ દ્વારા કચરો એકઠો કરીને કચરાનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. સફાઈ ઝુંબેશમાં સામાજિક વનીકરણ વિભાગ અમરેલીના કર્મચારી સહિત સે જોડાયા હતા.

જિલ્લામાં ચાલુ સપ્તાહે ગ્રામ્ય કક્ષાએ વિવિધ જગ્યાએ જાહેર સ્વચ્છતા, કચરો એકઠો થતો હોય તે જગ્યાની સફાઈ - લોકો ઘરે જે ભીનો અને સુકો કચરો અલગ કરે તે બાબતે જન જાગૃત્તિ, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ, મ્યુઝીયમ અને હેરિટેજ બિલ્ડિંગો, શાળાઓ, મહા પુરૂષોની પ્રતિમા, પ્રવાહી કચરાના નિકાલ માટે ભુગર્ભ ગટરની સાફ - સફાઈ, જળાશયો અને નદી નાળાની સાફ સફાઈ ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે.આવતીકાલે તા.૨૨ ઓકટોબર ૨૩ને રવિવારના રોજ વિશેષ સ્વચ્છતા ઝુંબેશ યોજાશે ઉપરાંત શહેર અને ગ્રામ્યના તમામ ધાર્મિક, પ્રવાસન સ્થળોની સાફ - સફાઈનું આયોજન કરવામાં આવ્યું છે.

સમગ્ર રાજયમાં હાલ ' સ્વચ્છતા હી સેવા' અભિયાન પૂરજોશમાં આગળ વધી રહ્યું છે. આવો જિલ્લાના સૌ નાગરિકો સ્વચ્છતા હી સેવા મહા અભિયાનમાં સહભાગી બનીને આપણી ભારતીય નાગરિક તરીકેની સાચી ફરજ અદા કરીએ.











### જય મહાકાળી ગરબી મંડળ દ્વારા આયોજન કાર્યક્રમમાં

## બાબરાનાં કોટડાપીઠા ગામે આરતી ઉતારવા માટે ભકતે રૂા. ૨૦.૯૪ લાખની બોલી બોલી

**વર્ષોથી ચાલી આવતી પરંપરા હજુ પણ યથાવત**



તસ્વીર : ભરત મહેતા-કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૨૩

બાબરા તાલુકાનાં કોટડાપીઠા ગામે ચોરા ચોકમાં આવેલ મુખ્ય રામજી મંદિરમાં જયાં મહાકાળી માતાનાં બેસણા છે. જયાં વર્ષોથી ગરબી થાય છે. જે જય મહાકાળી ગરબી મંડળ દ્વારા આજે તા. ૨૨/૧૦ના હવનષ્ટમી નીમીતે પાવનાં પતય નામનું આખ્યાન તેમજ માતાજીનો ગરબો હોય છે. જેમાં માતાજીના ગુણગાન ગાતા જે ભાવીકો હોય સામ સામા બોલ બોલાય. જેમાં જે ભાવીક વધારે બોલ બોલે તે માતાજીની આરતી ઉતારે છે. જે સંદર્ભ આજે એક ભાવીક દ્વારા ૨૦ લાખ, ચોરાણું હજારની બોલી બોલીને માતાજીની આરતી ઉતારેલ આ જય અંબે ચોરા ચોક ગરબી મંડળ ખુબ જ પ્રાચીન ગરબી મંડળ છે. જેમાં પરંપરાગત ગરબા ભાવીકો દ્વારા ગવરાવવામાં આવે છે. તેમજ પુરૂષો પ્રાચીન ગરબા પર ગાઈને ગરબી લે છે.
















''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

જોઇએ છે

અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.

કોમ્પ્યુટર ઓપરેટર........................૪

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી

ઓફિસબોય..............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨






### નદી પર કપડા ધોતી મહિલાનો ગયો જીવ

# ગુજરાતીઓ માટે કિલર હાર્ટએટેક બે દિવસમાં ૨૧ લોકોના મોત થયા

### હવે હાર્ટએટેકથી લોકોને ડર લાગી રહ્યો છે : ગુજરાતીઓ માટે હાર્ટએટેક હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં નવરાત્રિના મહોત્સવ સમયે જ હાર્ટ એટેકના કેસ વધી રહ્યાં છે. છેલ્લા ૨ દિવસમાં જ હાર્ટ એટેકથી ૨૧ લોકોનાં મોત થયા છે. તો ઈમરજન્સી સેવા ૧૦૮માં પણ હૃદયની સમસ્યાની ફરિયાદના કોલ વધ્યા છે.

ગુજરાતમાં ગરબા રમી રહેલા લોકોએ ૧૧૦૦થી વધારે ઈમરજન્સી કોલ કર્યા છે. હાર્ટ એટેક મોત બાદ સરકાર પણ એલર્ટ થઈ છે. ગુજરાતમાં ગરબા વખતે હૃદયની સમસ્યાના કેસમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સરેરાશ ૮૪ કેસ નોંધાઈ રહ્યાં છે. ત્યારે આજે સવારથી લઈને અત્યાર સુધી ત્રણ લોકોના હાર્ટએટેકથી જીવ ગયા છે.

ગુજરાતમાં હવે હાર્ટએટેકથી ડર લાગી રહ્યો છે. ગુજરાતીઓ માટે હાર્ટએટેક હવે જીવલેણ સાબિત થઈ રહ્યો છે. આપણા નવરાત્રિ મહોત્સવમાં પણ લોકોનો જીવ જઈ રહ્યો છે. સમગ્ર ગુજરાતમાં યુવાનોમાં હાર્ટ એટેકના ઉત્તરોત્તર કિસ્સાઓમાં વધારો થઈ રહ્યો છે. વધતા હાર્ટ એટેકના કિસ્સાઓને લઈ આરોગ્ય વિભાગનું તંત્ર પણ ચિંતામાં મુકાયું છે. ત્યારે માત્ર બે દિવસમા ગુજરાતમાં હાર્ટએટેકને કારણે ૨૧લોકોના જીવ ગયા છે. તો આજે ત્રણ લોકોને છાતીમા દુખાવો ઉપડતા મોત થયા છે. ગુજરાતમાં નવરાત્રીના ૬ દિવસમાં ગરબે રમતાં ૧૧૦૦ લોકોને તકલીફ થઈ હતી અને તેમણે ૧૦૮ પર ઘણા ઈમરજન્સી કોલ આવ્યાં હતા.

ગીર સોમનાથના તાલાળામાં હાર્ટ એટેકથી બે લોકોના મૃત્યુ થયા છે. તાલાળાના રહીશ જેબુનબેન અહમદભાઈ સવારે ૧૦ વાગ્યે હિરણ નદીમાં કપડાં ધોવા ગયા હતા ને અચાનક જ હાર્ટ એટેક આવતા મૃત્યુ થયું છે. જ્યારે તાલાલા તાલુકાના ગાભા ગામના નવયુવાન નિકુંજ પરમારનું તેમના ઘરે જ હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે. હાલ યુવાનોમાં હાર્ટ એટેકના કિસ્સાઓ વધુને વધુ સામે આવી રહ્યા છે ત્યારે ગીર સોમનાથ જિલ્લાના તાલાલા તાલુકામાં હાર્ટ એટે થી બે લોકોના મૃત્યુ થતાં સમગ્ર પંથકમાં ચિંતા પ્રસરી છે.

સાબરકાંઠાના ઈડરના સાબલવાડ કંપામાં ૪૨ વર્ષીય ખેડૂતનું હાર્ટ એટેકથી મોત નિપજ્યુ છે. ગત રાત્રીના સમયે ખેડૂત ભરતભાઈ પટેલ ઘરમાં ઢળી પડ્યા હતા. તેમને છાતીના ભાગે રાત્રિ દરમ્યાન છાતીના ભાગે અસહ્ય દુખાવો થતાં અચાનક ઢળી પડ્યા હતા. તેમને સારવાર માટે લઈ જવાતા તબીબે તેમને યુવાન ખેડૂતને મૃત જાહેર કરતા પરિવારના માથે આભ તુટી પડ્યું. જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં પણ નાની ઉંમર માં હાર્ટ એટેકના કિસ્સાઓ સામે આવ્યા છે. સાબરકાંઠામા એક સપ્તાહમાં હાર્ટ એટેકનો ત્રીજો બનાવ સામે આવ્યો છે. હિંમતનગર, પ્રાંતિજ અને ઈડર તાલુકામાં હાર્ટએટેકથી મોતના બનાવ બન્યા છે.

હાર્ટ એટેક આવવાના કિસ્સાઓ બનવાના કારણે લોકોમાં ચિંતાનો માહોલ પ્રસરી ગયો છે. ગુજરાતમાં ગરબા વખતે હૃદયની સમસ્યાના કેસમાં વધારો થયો છે. રાજ્યમાં સરેરાશ ૮૪ કેસ નોંધાયા છે. ૨ દિવસમાં ૧૦થી વધારે હાર્ટ અટેકથી મૃત્યુ થયા છે. પ્રથમ ૭ નોરતામાં સાંજે ૬થી રાત્રે ૨ દરમિયાન કેસ વધ્યા છે. આમ, અમદાવાદમાં સૌથી વધુ કુલ ૧૬૬ કેસ નોંધાયા છે.હૃદયની ઈમરજન્સીના કેસ મામલે અમદાવાદ મોખરે છે. સુરતમાં સરેરાશ ૮ કેસ, રાજકોટમાં ૬ કેસ નોંધાયા છે. વડોદરામાં સરેરાશ ૪ જેટલાં કેસ નોંધાયા છે.

### વિદ્યાર્થીઓના ખાતામાં સીધા જમા થશે રૂપિયા

# ગુજરાત સરકારે શાળાઓને અપાતી આ સહાય કરી બંધ

### શાળાને વિદ્યાર્થી દીઠ અપાતા હતા ૭૫૦૦ રૂપિયા ચકાસણીમાં ગેરરીતિ સામે આવતા લેવાયો નિર્ણય

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત સરકારે શાળામાં ભણતા વિદ્યાર્થીઓને મોટો ઝટકો આવ્યો છે. રાજ્યની સ્વનિર્ભર (નોન ગ્રાન્ટેડ) માધ્યમિક શાળાઓમાં અપાતી પ્રોત્સાહક આર્થિક સહાય યોજના બંધ કરવામાં આવી છે.

આ યોજના અંતર્ગત વિદ્યાર્થી દીઠ ૭૫૦૦ સહાય શાળાને આપવામાં આવતી હતી. ત્યારે હવે સરકારના આ નિર્ણયથી વિદ્યાર્થીઓ અને શાળાઓને મોટો ફટકો પડશે.

રાજયની સ્વનિર્ભર માધ્યમિક શાળામાં અપાતી પ્રોત્સાહન આર્થિક સહાય યોજના બંધ કરાઈ છે. શાળાને વિદ્યાર્થી દીઠ ૭૫૦૦ રૂપિયા આપવામાં આવતા હતા. પરંતું ચકાસણીમાં આ યોજનામાં અનેક ગેરરીતિ સામે આવી હતી. જેથી તેને બંધ કરવાની પણ માંગ ઉઠી હતી.

આ બાબત સરકારમાં વિચારણા હેઠળ હતી, જે અંગે હવે નિર્ણય લેવાયો છે. સરકારે ગેરરીતિ સામે આવતા આ યોજનાને બંધ કરવાનો નિર્ણય લીધો છે.

જોકે, સરકારે માત્ર શાળાને અપાતી યોજના બંધ કરી છે, પરંતુ વિદ્યાર્થીઓને તો સહાય મળશે જ. હવે નવી યોજનામાં આ સહાય ડાયરેક્ટ વિદ્યાર્થીઓને મળશે. સરકારે વચ્ચેથી શાળાઓને હટાવી દીધી છે. ગુજરાત સરકાર નવી સ્કોલરશિપ અંતર્ગતની આ સહાય સીધી વિદ્યાર્થીના ખાતામાં જમા થશે. આ સહાય માટે હવે શાળા માધ્યમ નહિ બને.

ઉલ્લેખનીય છે કે, આ યોજનામાં રાજયમાં ચાલતી અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને અપાતા શિક્ષણની ગુણવત્તા, શાળાના શૈક્ષણિક સ્ટાફની લાયકાત અને શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓ માટેની સુવિધામાં વધારો થાય અને એકંદરે શિક્ષણનું સ્તર સુધરે ઊંચુ આવે તે માટે સ્વનિર્ભર માધ્યમિક શાળાઓને પ્રોત્સાહક આર્થિક સહાય મંજૂર કરવાની નીતિ નિયત કરવામાં આવી હતી.

### ભારતની મહાન સ્પિન ત્રિપુટીમાં સ્થાન મળ્યું હતું

# દિગ્ગજ લેગ સ્પિનર બિશનસિંહ બેદીનું ૭૭ વર્ષની વયે નિધન

### ભૂતપૂર્વ ભારતીય ખેલાડી બિશનસિંહ બેદીએ ભારત માટે કુલ ૭૭ આંતરરાષ્ટ્રીય મેચમાં ૨૭૩ વિકેટ લીધી હતી

નવી દિલ્હી, તા.૨૩



અત્યારે ભારતમાં આઈસીસી વનડે વર્લ્ડકપ ૨૦૨૩નું આયોજન શાનદાર રીતે થઈ રહ્યું છે, પરંતુ આ દરમિયાન ક્રિકેટ જગત માટે એક માઠા સમાચાર સામે આવ્યા છે. ભૂતપૂર્વ ભારતીય ખેલાડી બિશન સિંહ બેદીનું નિધન થયું છે. તેમને ટીમ ઈન્ડિયાને કેટલીય મેચો પોતાના દમ પર જીતાડી છે, તે તેમની રહસ્યમય સ્પિન બૉલિંગ માટે જાણીતા હતા.

ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર બિશન સિંહ બેદીનું સોમવારે નિધન થયું છે. તેઓ ૭૭ વર્ષના હતા. ભારતના સર્વશ્રેષ્ઠ સ્પિનરોમાંથી એક બિશન સિંહ બેદીએ ભારત માટે કુલ ૭૭ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. બિશન સિંહ બેદીએ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીમાં ૨૭૩ વિકેટ લીધી હતી. બિશન સિંહ બેદીનો જન્મ ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૬ના રોજ અમૃતસરમાં થયો હતો. તે એક ઉત્તમ લેફ્ટ આર્મ બૉલર હતા. તેમને ૧૯૬૬ થી ૧૯૭૯ દરમિયાન ભારત માટે ટેસ્ટ ક્રિકેટ રમી હતી અને તે જાદુઈ ભારતીય સ્પિન ચોકડીનો પણ એક ભાગ હતા. તેમને ૨૨ ટેસ્ટ મેચોમાં ભારતની કેપ્ટનશિપ પણ કરી હતી. તેમને ૬૭ ટેસ્ટ મેચમાં ૨૬૬ વિકેટો લીધી હતી. તેમને પોતાની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ કારકિર્દી ૧૫૬૦ વિકેટો સાથે પૂરી કરી હતી.

ખાસ વાત છે કે, બૉલિંગ ઉપરાંત બિશન સિંહ બેદીમાં નેતૃત્વ ક્ષમતા પણ હતી. બિશન સિંહ બેદીને ૧૯૭૬માં ટીમ ઈન્ડિયાના કેપ્ટન બનાવવામાં આવ્યા હતા અને તેમણે ૧૯૭૮ સુધી ટીમ ઈન્ડિયાની કમાન સંભાળી હતી. બિશન સિંહ બેદીને એવા કેપ્ટન તરીકે ઓળખવામાં આવે છે કે જેમણે ટીમમાં લડાઈની ક્ષમતા ઉભી કરી અને શિસ્તના સંદર્ભમાં નવા માપદંડો સ્થાપિત કર્યા. કેપ્ટન તરીકે બેદીએ એક નવી સ્ટૉરી પણ લખી. કેપ્ટન તરીકે બિશન સિંહ બેદીએ ૧૯૭૬માં વેસ્ટ ઈન્ડિઝને તેની જ ધરતી પર ટેસ્ટ સીરીઝમાં તે સમયની સૌથી મજબૂત ટીમ કેરેબિયનને હરાવી હતી.

ક્રિકેટને અલવિદા કહ્યા પછી પણ બિશન સિંહ બેદીનો આ રમત સાથેનો સંબંધ ખતમ ન થયો. બિશન સિંહ બેદીએ લાંબા સમય સુધી આ રમત સાથે પોતાને જોડાયેલા રાખ્યા. બેદીએ કૉમેન્ટેટર તરીકે પણ ક્રિકેટ જગતમાં પોતાની ઓળખ બનાવી હતી. કૉચ તરીકે પણ બિશન સિંહ બેદી લાંબા સમય સુધી ક્રિકેટ સાથે જોડાયેલા રહ્યા, એટલું જ નહીં સ્પિન વિભાગમાં ભારતને મજબૂત રાખવા માટે બિશન સિંહ બેદીએ નવા ખેલાડીઓને તાલીમ આપી અને ભારતીય ક્રિકેટમાં છેલ્લી ઘડી સુધી મહત્વપૂર્ણ યોગદાન આપતા રહ્યા હતા.

### એક દેશ એક ચૂંટણી અંગે કાયદા પંચની તૈયારીઓ ચાલી રહી છે

# એક દેશ એક ચૂંટણીના અમલ માટે ચૂંટણી પંચે એક વર્ષથી વધુનો સમય માગ્યો

### ભારતીય ચૂંટણી પંચે પર્યાપ્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન બનાવવા જેવા અનેક કારણો આપ્યા છે, હાલ કાયદા પંચનો રિપોર્ટ તૈયાર થવાની અણીએ

નવી દિલ્હી, તા.૨૩

એક દેશ એક ચૂંટણી અંગે કાયદા પંચની તૈયારીઓ ચાલી રહી છે. દરમિયાન એવા અહેવાલ છે કે ભારતીય ચૂંટણી પંચ (ઈસીઆઈ) એ નવી વ્યવસ્થા લાગુ કરવા માટે એક વર્ષથી વધુનો સમય માગ્યો છે. પંચે પર્યાપ્ત ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (ઈવીએમ) બનાવવા જેવા અનેક કારણો આપ્યા છે. હાલ કાયદા પંચનો રિપોર્ટ તૈયાર થવાની અણીએ છે.

૨૦૨૪ અને ૨૦૨૯માં એકસાથે ચૂંટણી યોજવા માટે મશીનોની જરુરિયાત અંગે કાયદા પંચ અગાઉ માહિતી શેર કરી ચૂક્યું છે. એક વોટિંગ મશીનમાં ત્રણ ભાગ હોય છે જેમાં કન્ટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ અને વીવીપેટ સામેલ હોય છે. ૨૦૨૪ માટે ૧૧.૪૯ લાખ વધારાના કન્ટ્રોલ યુનિટ, ૧૫.૯૭ લાખ બેલેટ યુનિટ્સ અને ૧૨.૩૭ લાખ વીવીપેટની જરૂર પડશે. તેની પાછળ ૫૨૦૦ કરોડનો ખર્ચો થઈ શકે છે. માહિતી અનુસાર ચૂંટણીપંચને ૫૩.૭૬ લાખ બેલેટ યુનિટ્સ, ૩૮.૬૭ લાખ કન્ટ્રોલ યુનિટ્સ અને ૪૧.૬૫ લાખ વીવીપેટની જરૂર ૨૦૨૯ની ચૂંટણીમાં પડશે. તેનું મોટું કારણ પોલિંગ સ્ટેશન અને મતદારોની વધતી સંખ્યા છે. એક અહેવાલ અનુસાર ચૂંટણીપંચ વૈશ્વિક સ્તરે સેમીકંડક્ટર અને ચિપની અછત અંગે ચિંતિત છે. કહેવાય છે કે કાયદા પંચ સાથેની બેઠકમાં પણ ચૂંટણીપંચે આ મુદ્દો ઊઠાવ્યો હતો. ખરેખર ઈવીએમ અને વીવીપેટ એટલે કે વેરિફાયેબલ, પેપર ઓડિટ ટ્રેલ મશીનોમાં તેનો મુખ્યરૂપે ઉપયોગ થાય છે. ખાસ વાત તો એ છે કે ફક્ત લોકસભા ચૂંટણી માટે ૨૦૨૪માં આશરે ૪ લાખ મશીનોની જરૂર પડશે. મશીનની આ વતર્માન જરૂરિયાતમાં વિધાનસભા ચૂંટણીને તો સામેલ જ નથી કરાઈ.

### તમિલનાડુમાં ભાજપને એક મોટો ઝટકો લાગ્યો

# ભાજપનાં નેતા ગૌતમી તાડીમલ્લાએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું

### મને પક્ષ અને નેતાઓ તરફથી કોઈ પ્રકારનું સમર્થન મળ્યું નથી : અભિનેત્રીએ એક પત્ર દ્વારા આ માહિતી આપી

થિરૂવનંતપુરમ, તા.૨૩

આવનારા વર્ષમાં એટલે કે ૨૦૨૪માં લોકસભાની ચૂંટણી યોજવાની છે. એવામાં તમિલનાડુમાં ભાજપને એક મોટો ઝટકો લાગ્યો છે. અભિનેત્રી અને ભાજપ નેતા ગૌતમી તાડીમલ્લાએ પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. ગૌતમીએ એક પત્ર દ્વારા આ માહિતી આપી હતી.

ગૌતમી તાડીમલ્લાએ એક પત્ર લખી તેના રાજીનામાં અંગે જાણ કરી હતી. તેમણે લખ્યું હતું કે, હૃદય પર ભાર મૂકી જાણવું પડે છે કે મેં ભાજપના સભ્યપદેથી રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે. હું ૨૫ વર્ષ પહેલા પાર્ટીમાં રાષ્ટ્ર નિર્માણમાં તેના પ્રયાસોનું યોગદાન આપવા માટે જોડાઈ હતી. મારા જીવનમાં મેં જે પણ પડકારોનો સામનો કર્યા બાદ પણ મેં તે પ્રતિબદ્ધતાને સન્માન આપ્યું છે. છતાં આજે હું મારા જીવનમાં અકલ્પનીય સંકટની પરિસ્થિતિમાં ઉભી છું. મને પક્ષ અને નેતાઓ તરફથી કોઈ પ્રકારનું સમર્થન મળ્યું નથી. ગૌતમી તાડીમલ્લાએ સી. અલાગપ્પન પર આરોપ લગાવતા કહ્યું કે, ૧૭ વર્ષની ઉંમરથી કામ કરી રહી છું અને મારી કારકિર્દી સિનેમા, ટેલિવિઝન, રેડિયો અને ડિજિટલ મીડિયામાં ૩૭ વર્ષની છે. મેં મારું આખું જીવન મહેનત કરી છે જેથી હું આ ઉંમરે આર્થિક રીતે સુરક્ષિત રહી શકું અને મારી દીકરીના ભવિષ્યને સુધારી શકું. અત્યાર આર્થિક રીતે હું અને મારી દીકરી આ સ્થિતિમાં સલામત હોત પરંતુ સી. અલાગપ્પને મારી સાથે છેતરપિંડી કરી અને તમામ પૈસા, મિલકત અને દસ્તાવેજો પડાવી લીધા છે. ગૌતમી તાડીમલ્લાએ આ મામલે મુખ્યમંત્રી અને પોલીસ અધિકારીઓને ન્યાયની અપીલ કરી છે. આજ કારણથી ભાજપમાંથી મારા પદ પરથી રાજીનામું આપી રહ્યો છું.

### ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં ભારતીય ખેલાડીઓના અનેક રેકોર્ડ

# વન-ડેમાં ૩૦૦૦થી વધુ રન સાથે કોહલીના સૌથી વધુ રન

### ગેલે લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં ૨૯૪૨ રન બનાવ્યા છે

ધર્મશાલા, તા.૨૩

ભારતે ન્યુઝીલેન્ડને ગઈકાલે રમાયેલી વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩ની મેચમાં ૪ વિકેટથી હરાવ્યું હતું. આ મેચમાં કોહલીએ ૧૦૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી ૯૫ રન બનાવ્યા હતા. તે સદીથી ચુકી ગયો હતો પરંતુ તેને એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. કોહલીએ આઈસીસીની લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ તોડી દીધો છે. આ મામલે કોહલીએ વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલને પાછળ છોડી દીધો છે. વિરાટ કોહલીએ આઈસીસીના લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં ૩૦૦૦ રનનો આંકડો પાર કરી લીધો છે. આ સાથે જ કોહલી વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલથી આગળ નીકળી ગયો છે. ગેલે આઈસીસીના લિમિટેડ ઓવર ટુર્નામેન્ટમાં ૨૯૪૨ રન બનાવ્યા છે.

વન-ડે વર્લ્ડ કપ૨૦૨૩માં કોહલીએ બાંગ્લાદેશ સામે સદી ફટકારી હતી. તેણે ૯૭ બોલમાં ૬ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી ૧૦૩ રન બનાવ્યા હતા. ટ પછી ઓસ્ટ્રેલિયાની સામે તેણે ૮૫ રન અને અફઘાનિસ્તાન સામે ૫૫ રન બનાવ્યા હતા. આ ઉપરાંત કોહલીએ ગઈકાલે માર્ક ચેપમેન અને ડેરલ મિચેલનો કેચ પકડી વનડેમાં પોતાના ૧૫૦ કેચ પૂરા કર્યા હતા. આ સાથે કોહલી વનડેમાં સૌથી વધુ કેચ પકડનાર ચોથો ખેલાડી બની ગયો છે.

વિરાટ કોહલીએ ભારત તરફથી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં વર્ષ ૨૦૦૮માં ડેબ્યૂ કર્યો હતો. કોહલીએ અત્યાર સુધી ૧૧૧ ટેસ્ટ, ૨૮૫ વનડે અને ૧૧૫ ટી૨૦ૈં મેચ રમી છે. ટેસ્ટની ૧૮૭ ઈનિંગ્સમાં વિરાટે ૪૯.૨૯ના સરેરાશથી ૮૬૭૬ રન બનાવ્યા છે. જયારે વનડેની ૨૭૩ ઈનિંગ્સમાં ૫૮ના સરેરાશથી ૧૩,૩૪૨ રન બનાવ્યા છે. જેમાં ૪૮ સદી અને ૬૮ ફિફ્ટી સામેલ છે. વિરાટના નામે ૧૧૫ ટી૨૦ૈં મેચમાં ૫૨.૭૨ના સરેરાશથી ૪૦૦૮ રન છે, જેમાં એક સદી અને ૩૭ ફિફ્ટી સામેલ છે.

### સપ્તાહના પ્રથમ દિવસે શેર માર્કેટમાં જોરદાર કડાકો

# શેરબજારમાં બ્લેક મન્ડે, સેન્સેક્સમાં ૮૨૬, નિફ્ટીમાં ૨૬૧ પોઈન્ટનો કડાકો

મુંબઈ, તા.૨૩

સપ્તાહના પ્રથમ દિવસે શેર માર્કેટમાં જોરદાર કડાકો બોલાયો છે, વૈશ્વિક દબાણના કારણે આજે શેર બજારમાં મુખ્ય સૂચકાંકો દિવસ દરમિયાન નીચા રહ્યાં હતા, અને કારોબાર શુષ્ક રહ્યાં હતા. સોમવારે સવારથી જ માર્કેટમાં કોહરામ મચી ગયો હતો અને દિવસના અંતે માર્કેટ ૮૦૦થી પણ વધુ પૉઈન્ટ નીચે બંધ રહ્યું હતુ. આજે શેર બજારમાં બીએસઈ ઈન્ડેક્સ સેન્સેક્સ ૧.૨૬ ટકાના ઘટાડા સાથે ૮૨૫.૭૪ પૉઈન્ટ નીચે પટકાયો અને ૬૪,૫૭૧.૮૮ના સ્તરે બંધ રહ્યો હતો, તો વળી, એનએસઈ ઈન્ડેક્સ નિફ્ટી પણ લૉ રહ્યો, આજે નિફ્ટી ૦.૩૪ ટકાના ઘટાડા સાથે ૨૬૦.૯૦ની નીચે રહ્યો અને ૧૭,૨૮૧.૭૫ના સ્તરે બંધ થયો હતો. આમ આજે માર્કેટમાં કોહરામ મચી ગયો હતો. આ ઉપરાંત અન્ય ઈન્ડેક્સમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. મિડકેપ, સ્મૉલકેપના રોકાણકારોને પણ નુકસાન થયુ હતું.

આજનો ટ્રેડિંગ સત્ર ભારતીય શેરબજાર માટે બ્લેક મન્ડે સાબિત થયો છે. વિદેશી રોકાણકારોની ભારે વેચવાલીથી બજારમાં મોટો ઘટાડો થયો છે. આ સતત ચોથું સત્ર છે જ્યારે બજારમાં ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ ૮૦૦ પોઈન્ટ, નિફ્ટી ૨૫૦ પોઈન્ટથી વધુ અને મિડ કેપ શેરોના ઈન્ડેક્સમાં ૧,૦૦૦ પોઈન્ટ્સનો ઘટાડો થયો છે. સેન્સેક્સ ૬૫,૦૦૦ની નીચે સરકી ગયો છે. સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૪૬૪ અથવા ૩.૫૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

આજના કારોબારના અંતે બીએસઈસેન્સેક્સ ૮૨૬ પોઈન્ટના ઘટાડા સાથે ૬૪,૫૭૨ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૬૧ પોઈન્ટના ઘટાડા સાથે ૧૯,૨૮૨ પોઈન્ટ પર બંધ થયો હતો. આજના કારોબારમાં તમામ સેક્ટરના શેરો લાલ નિશાનમાં કારોબાર કરી રહ્યા છે. આઈટી, બેન્કિંગ, ઓટો, ફાર્મા, એફએમસીજી, મેટલ્સ, મીડિયા, એનર્જી, ઈન્ફ્રા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર, ઓઈલ અને ગેસ જેવા સેક્ટરના શેરમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. આજના કારોબારમાં સૌથી મોટો ઘટાડો મિડ કેપ શેર્સમાં જોવા મળ્યો હતો. નિફ્ટી મિડ કેપ ઈન્ડેક્સ ૧૧૦૦ પોઈન્ટથી વધુ લપસી ગયો. સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૫૦૦ પોઈન્ટનો ઘટાડો થયો છે. આજના કારોબારમાં ૩૯૯૦ શેરોમાંથી ૩૧૮૮ શેરો ઘટાડા સાથે બંધ થયા છે. જ્યારે ૬૪૪ શેર લીલા નિશાનમાં બંધ થયા હતા. ૧૫૮ શેરના દરમાં કોઈ ફેરફાર થયો નથી. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી માત્ર ૪ શેરો વધ્યા હતા જ્યારે ૨૬ ઘટ્યા હતા. જ્યારે નિફ્ટીના ૫૦ શૅરમાંથી ૨ શૅર લાભ સાથે જ્યારે ૪૮ શૅર નુકસાન સાથે બંધ થયા હતા. આજના કારોબારમાં આઈસીઆઈસીઆઈબેંક ૧.૦૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૩૬ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ૦.૩૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. જ્યારે ટાટા સ્ટીલ ૨.૫૨ ટકા, ટીસીએસ ૨.૪૪ ટકા, ટાટા મોટર્સ ૨.૩૨ ટકા, વિપ્રો ૨.૨૭ ટકા, એચસીએલટેક ૨.૨૦ ટકા, એનટીપીસી ૧.૮૭ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. આજના વેપારમાં રોકાણકારોને ભારે નુકસાન થયું છે. બીએસઈમાર્કેટ કેપ ૩૧૧.૩૦ લાખ કરોડ થયું હતું જે અગાઉના વેપારમાં ૩૧૮.૮૯ લાખ કરોડ હતું, એટલે કે આજના વેપારમાં રોકાણકારોને ૭.૬૦ લાખ કરોડનું નુકસાન થયું છે.

### ઈસરોએ ટીવી ડી-૧ ની ફ્લાઇટનું પરિક્ષણ કર્યું

# ગગનયાન મિશન માટે ફાઈટર એરક્રાફ્ટ ઉડાડતી મહિલા વૈજ્ઞાનિકોને પ્રાથમિકતા અપાશે

### ભવિષ્યમાં આવી મહિલાઓને સ્પેસ ફ્લાઈટમાં મોકલવી શક્ય બનશે

નવી દિલ્હી, તા.૨૩

શનિવારના રોજ ઈસરોએ ગગનયાન ક્રુ મોડ્યુલના સુરક્ષિત લેંડિંગ માટે ટીવી ડી-૧ ની ફ્લાઈટનું પરિક્ષણ કર્યુ હતું, જેમા આગરામાં બનેલા ૧૦ પેરાશૂટ સિસ્ટમથી ક્રુ મોડ્યુલની ગતિને રોકવા માટે ચોક્કસ જગ્યા પર લેંડિંગ કરાવ્યું હતું.

એવામાં ગઈકાલે ઈસરો ચીફ એસ. સોમનાથનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે. એસ. સોમનાથે જણાવ્યું કે, 'ગગનયાન' મિશન માટે ફાઈટર એરક્રાફ્ટ ઉડાડતી મહિલા પાઈલટ અથવા મહિલા વૈજ્ઞાનિકોને પ્રાથમિકતા આપવામાં આવશે. ભવિષ્યમાં આવી મહિલાઓને સ્પેસ ફ્લાઈટમાં મોકલવી શક્ય બનશે.

'ગગનયાન' મિશન વિશે માહિતી આપતા તેમને જણાવ્યું કે, ઈસરોઆવતા વર્ષે તેના માનવરહિત અવકાશયાનમાં સ્ત્રી હ્યુમનૉઈડ મોકલશે.

ઉપરાંત તેમણે માહિતી આપી કે, ઈસરોનો ધ્યેય ત્રણ દિવસીય ગગનયાન મિશન માટે ૪૦૦ કિલોમીટરની લોઅર અર્થ ઓર્બિટમાં માનવોને અવકાશમાં મોકલવાનો અને તેમને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછા લાવવાનો છે. વધુમાં તેમણે કહ્યું કે, શરૂઆતમાં આઈએએફફાઈટર પાઈલોટ્સને ઉમેદવારીમાં પ્રાથમિકતા આપવામાં આવશે. તેમણે મહિલાઓને પહેલા પ્રથમિકતા આપવા માટે જણાવ્યું કે. મારા મુજબ મહિલાઓ માટે વધુ શક્યતાઓ છે.

ઈસરોએ ગગનયાન કાર્યક્રમમાં રોકેટની મદદથી ત્રણ સદસ્યોને ત્રણ દિવસ માટે ૪૦૦ કિલોમીટરની ભ્રમણકક્ષામાં મોકલવામાં આવશે. આ અવકાશ યાત્રીઓને પેરાશૂટ સિસ્ટમ દ્વારા અંતરિક્ષમાંથી પરત આવનારા ક્રુ મોડ્યુલની સુરક્ષિત લેંડિંગ કરાવવાનું રહેશે. ગગનયાનને એવી રીતે ડીઝાઈન કરવામાં આવ્યું છે કે આ કોઈપણ પ્રકારની આપત્તિ જનક સ્થિતિમાં અંતરિક્ષ યાત્રિઓને સુરક્ષિત રીતે પૃથ્વી પર પરત લાવી શકે છે. પેરાશૂટ અવકાશમાંથી પાછા ફરતા ક્રૂ મોડ્યુલની હિલચાલને રોકવા માટે બ્રેકિંગ સિસ્ટમ તરીકે કામ કરશે.

### ચીનમાં એશિયન પેરા ગેમ્સમાં ભારતીયોની મેડલ કૂચ

# ભારતે એશિયન પેરા ગેમ્સમાં ૭ ગોલ્ડ, ૭ સિલ્વર, ૫ બ્રોન્ઝ જીત્યા

### પ્રાચી યાદવે એશિયન પેરા ગેમ્સમાં ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો, પ્રણવ સુરમા, અંકુર ધામાએ પણ ગોલ્ડ મેડલ જીત્યા

હાંગઝોઉ, તા.૨૩

એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩ ૨૨ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન ચીનના હાંગઝોઉમાં રમાઈ રહી છે જેમાં પ્રવીણ કુમારે મેન્સ હાઈ જમ્પ-ટી૬૪માં ૨.૦૨ મીટર (ગેમ્સ રેકોર્ડ)ના શ્રેષ્ઠ જમ્પ સાથે ગોલ્ડ જીત્યો, ઉન્ની રેણુએ ૧.૯૫ મીટરના શ્રેષ્ઠ જમ્પ સાથે બ્રોન્ઝ જીત્યો

ભારતે હવે એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડ જીત્યો છે. તે મુજબ ૬ ગોલ્ડ, ૭ સિલ્વર અને ૫ બ્રોન્ઝ મેડલ સહિત કુલ ૧૮ મેડલ સાથે પોઈન્ટ ટેબલમાં ત્રીજા સ્થાને છે. પ્રાચી યાદવે એશિયન પેરા ગેમ્સમાં ભારતને પહેલો મેડલ અપાવ્યો હતો. પ્રાચી યાદવે કેનો વીએલર ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જે બાદ ભારત માટે મેડલનો વરસાદ થયો હતો.

પ્રણવ સુરમાએ એફ૫૧ કલબ થ્રો ઈવેન્ટમાં ૩૦.૦૧ મીટરના પ્રયાસ સાથે સુવર્ણ ચંદ્રક જીત્યો અને એશિયન પેરા ગેમ્સનો નવો રેકોર્ડ બનાવ્યો, જ્યારે ધરમબીર (૨૮.૭૬એમ) અને અમિત કુમાર (૨૬.૯૩એમ) અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને રહ્યા. ઈવેન્ટમાં માત્ર ચાર સ્પર્ધકો હતા, જેમાં સાઉદી અરેબિયાની રાધી અલી અલાર્થી ૨૩.૭૭ મીટરના થ્રો સાથે છેલ્લા સ્થાને રહી હતી. સુરમાને ૧૬ વર્ષની ઉંમરે અકસ્માત થયો હતો જેમાં તેની કરોડરજ્જુમાં ઈજા થઈ હતી અને તે લકવો થઈ ગયો હતો. આ પછી તેણે પેરા સ્પોર્ટ્સમાં હાથ અજમાવવાનું નક્કી કર્યું, ૨૯ વર્ષીય ખેલાડીએ ૨૦૧૯ બેઈજિંગ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાં પ્રી ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો. એફ૫૧ ક્લબ થ્રો ઈવેન્ટ એથ્લેટ્સ માટે છે જેમની કમર, પગ અને હાથની આસપાસની હિલચાલ નોંધપાત્ર રીતે પ્રભાવિત છે. આમાં, સ્પર્ધકો બેસીને સ્પર્ધા કરે છે અને ખભા અને હાથની તાકાત પર આધાર રાખે છે. ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલી એશિયન પેરા ગેમ્સ ૨૦૨૩માં સોમવારે ભારતના અંકુર ધામાએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે ૫૦૦૦ મીટરની દોડ ૧૬:૩૭.૨૯ મિનિટમાં પૂરી કરીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. ૨૯ વર્ષીય અંકુર ધમા અર્જુન પુરસ્કાર વિજેતા છે. અંકુર ઉત્તર પ્રદેશના બાગપતના ખેકરા નગરનો રહેવાસી છે. બાળપણમાં જ તેણે આંખોની રોશની ગુમાવી દીધી હતી. અંકુર ૨૦૧૬ રિયો પેરાલિમ્પિકસમાં ભાગ લેનાર ભારતનો પ્રથમ અંધ એથ્લેટ હતો.

# આપણે ત્યાં આવતા સારા માઠા પ્રસંગો પર ગમતી, અનુકુળ સેવાકીય પ્રવૃત્તિઓ કરીએ

## કોઈનાં અંધકારમય જીવનમાં પ્રકાશનું એક કિરણ બનવાનો પ્રયાસ કરીએ

જિંદગીની સફરમાં જયારે ક્ષણભર 'પ્રસંગ' નામનો પ્રસંગ આવતો હોય ત્યારે જીવનમાં કશુંક વિશેષ થતું હોય એવું લાગે છે. બે ઘડી જીવન કયાંક જીવવા જેવું લાગે. ઘરમાં કોઈ શુભ પ્રસંગ હોય તો ઘર જાણે જીવતું હોય, એમાં જીવ આવી ગયો હોય તેવો અનુભવ થાય. ચારેબાજુ રાજીપો વરસતો હોય છે. સગા–વ્હાલાઓનાં હસતા મોઢા જોઈને મન મોહિત થઈ જાય છે. આવે વખતે ચાંલ્લા કરવાનો રિવાજ મોખરે આવતો હોય છે, પરંતુ હવે કેટલાંક લોકોએ આ પ્રથા બંધ કરી છે ત્યારે સમાજને આ બાબતે એક નવી દિશા સુઝાડવી જ રહી. આપણે પોતે જયારે શુભ પ્રસંગનો આનંદ માણતા જ હોઈએ ત્યારે સવિશેષ આપણે બીજાનાં જીવનમાં ચાંલ્લો કરવાનો મોકો છોડવા જેવો નથી. આ કાર્ય ઘણી રીતે કરી શકાય છે. જે કોઈને પણ જેવું સ્થળ અનુકુળ હોય એ સ્થળે થેલેસેમિયાનાં બાળકો માટે રકતદાન કેમ્પ, જે બાળકો માનસિક રીતે ક્ષતિગ્રસ્ત હોય તેમને માટે કોઈ વિશેષ



કાર્યક્રમ, જીવદયા–પાંજરાપોળોને દાન કે પછી ગેમાતા માટે અનુદાન, જે દીકરીઓ અનાથ છે તેમને લગ્ન માટે આર્થિક મદદ વગેરે જેવા અનેક ગમતાં કાર્યો દ્વારા અન્યનાં જીવનમાં પણ આનંદની જયોત પ્રગટાવી શકાય છે. એવું જરૂરી નથી કે આ કાર્ય માત્ર શુભ પ્રસંગે જ કરાય. કયારેક કોઈ માઠા પ્રસંગો પણ આવતા હોય છે આવા પ્રસંગે વાતાવરણને પવિત્ર બનાવવા તેમજ શાંતિની લાગણી અનુભવવા માટે પણ આવા સેવા કાર્યો હાથ ધરી શકાય છે. આ રીતે આપણે અન્ય કોઈને પણ આપણા જીવનનાં સારા માઠા પ્રસંગોનો અગત્યનો ભાગ બનાવી શકીશું. કયારેક કોઈ દુખિયારાની દુઆ મળશે તો કયારેક ઈશ્વરને ખોળે કોઈ મદદની અરજી કરનારા અરજદારની સહાય કરી શકીશું. આવો સાથે મળીને એક નવા વિચાર અને તેનાં વિસ્તારની શરૂઆત કરીએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં નવરાત્રિ ગરબા મહોત્સવ યોજાયો



અમરેલી, તા. ૨૩

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં નવરાત્રી મહોત્સવ નિમિતે છાત્રાલયના વિદ્યાર્થીઓ દ્વારા નવ દિવસ માટે ગરબા મહોત્સવ ચાલે છે ત્યારે દરરોજ માતાજીની આરતી અને ગરબાનું આયોજન કરે છે તે અંતર્ગત શનિવારના રોજ રાત્રે ગરબાનાં ખેલૈયાઓને સ્પર્ધાના રૂપમાં ઈનામો આપવામાં આવ્યા હતા. જેમાં પ્રાથમિક વિભાગમાં પ્રથમ પોલરા યુગ ધો.૦૭ દ્વિતીય કામળીયા કેશિક ધો.૦૮ તૃતીય રાજપરા પાર્થીલ ધો–૦૬ તેમજ માપ્રયમિક વિભાગમાં પ્રથમ સોહલિયા કશ્યપ ધો.૦૯ દ્વિતીય નાકરાણી દર્શન ધો.૧૦ તૃતીય લાખણોત્રા દર્શન ધો.–૧૦ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રથમ નારોલા ભાર્ગવ ધો.–૧૨ દ્વિતીય ગજેરા રાજ ધો.–૧૨ તૃતીય દેત્રોજા રવિ ધો.–૧૨. જેમાં પ્રથમ વિજેતાને સ્ટડી ટેબલ દ્વિતીય વિજેતાને બેટ્બોલ અને તૃતીય વિજેતાને નવા વ્યાપારની કીટ આપવામાં આવી હતી.

નવરાત્રી એ શકિત અને ભકિતનો તહેવાર છે જેમાં વિદ્યાર્થીઓની એક સમિતિ બનાવીને સમિતિ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા કરવામાં આવે છે જેમાં દરરોજ રાત્રે ગરબા પૂર્ણ થયે વિદ્યાર્થીની જ પસંદગીનો વિવિધ નાસ્તા કરાવવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને સહકારનાં ગુણ ખીલે તે હેતુથી સમગ્ર મહોત્સવનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. આ પ્રસંગે સંચાલકશ્રી દીપકભાઈ વઘાસીયા અને વિલાસબેન વઘાસીયાએ પ્રેરક હાજરી આપી હતી. શાળા પરિવારનાં બધાજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે ખાસ હાજર રહી ગરબા મહોત્સવમાં ભાગ લીધો હતો.

# સાવરકુંડલા ખાતે ગુરૂકુળ નવરાત્રિ મહોત્સવમાં પૂ.ઉષામૈયા દ્વારા આરતી ઉતારવામાં આવી



સાવરકુંડલા, તા.૨૩

શ્રી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા આયોજિત શ્રી રઘુકુળ નવરાત્રી મહોત્સવમાં પરમ પૂજય શ્રી ઉષામૈયા દ્વારા આરતી કરવામાં આવી.

આ પ્રસંગે સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તેમજ તેમની ટીમ અને અગ્રણી ઓ સાથે પધારી માના આશીર્વાદ લીધા હતા. તેમ એક યાદીમાં હિતેષ સરૈયાએ જણાવેલ છે.

# અમરેલી : જશોદા માઁ અને સતી માઁ નાં મંદિરે પાટોત્સવની ઉજવણી

અમરેલી, તા. ૨૩

અમરેલી ખાતે આગામી તા. ૨૭/૧૦ને શુક્રવારના રોજ બ્રહ્મસમાજના વ્યાસ, ભટ્ટ અને રાવલ પરિવારના કુળદેવીશ્રી સતીમાતા અને જશોદા માઁ ના મંદિરે વાર્ષિક પાટોત્સવની દર વરસની જેમ ભવ્ય ઉજવણી કરવાની હોવાથી પરિવારના ઉપસ્થિત રહે તેવો અનુરોધ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યો છે. સવારે ૭:૩૦ યજ્ઞનો શુભારંભ અને બપોરે બીડુ હોમવામાં આવશે તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. મહાપ્રસાદ ગંગાબાઈ વાડી જૈન દેરાસર પાસે રાખેલ હોવાનું જણાવ્યું છે.


# ઈફકોનાં ચેરમેન દિલીપ સંઘાણીને શુભેચ્છા પાઠવતા બી.એલ. રાજપરા



ટીંબી, તા. ૨૩

રાષ્ટ્રની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન, ગુજકોમાસોલના ચેરમેન તેમજ અમરેલી જિલ્લા મ.સ.બેંક. લી નાં ચેરમેન દિલીપભાઈ સંઘાણીની તાજેતરમાં ઈન્ટરનેશનલ રાયફીશેન યુનિયન (આઈ.આર.યુ.)માં ડીરેકટર તરીકે નિયુકિત થવા બદલ તેઓને બી.એલ. રાજપરા (ઢસા) દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરીને અભિનંદન પાઠવ્યા હતા.

# બાબરામાં વી.એલ.ગેલાણી વિદ્યાલયમાં નવરાત્રિની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૩

બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં નવરાત્રી ના પાવન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અહીં સંસ્થાના ચેરમેન કાળુભાઈ ગેલાણીના માર્ગદર્શન હેઠળ આયોજિત નવરાત્રીના પર્વ પર વિદ્યાર્થીઓ અને શિક્ષક સ્ટાફ દ્વારા પ્રાચીન અને અર્વાચીન રાસે રમ્યા હતા તેમજ સંસ્થાના ચેરમેન કાળુભાઈ ગેલાણી, ચેરમેન ઈલાબેન સહિત શિક્ષકો દ્વારા માતાજીની મહા આરતી કરવામાં આવી હતી.

# નવાણીયા ગામે બીરાજતા કોઠાવાળી મહાકાળી




બાબરા, તા.૨૩, બાબરા તાલુકાનાં નવાણીયા ગામે કોઠાવાળી મહાકાળી માતાજીનું સ્થાનક છે. આ મહાકાળી માતાજીનું સ્થાનક કળકતા તેમજ પાવાગઢ જેટલું જ મહત્વ ધરાવે છે. અહીયા કોઈ પણ રોગ કે વિનાશથી રક્ષણ માટે ભકતો માતાજીની લાપચી માને છે. એવી લોક વાયકા છે કે ૫૦૦ વર્ષ પેલા આ ગામમાં લાખો વણઝારો વેપાર ધંધા માટે પોઠો લઈને ગામનાં પાદરમાં ઉર્તયા હતા. ત્યારે તેમની પાસે નાણા ખુટી જતાં ગામનાં દરબારની પાસે સમસ્યા રજુ કરતા દરબારે તેના જસાણી કામદારને હુકમ કરતા લાખાએ નાણાની બદલે માતાજીની મુર્તિ અડાણે મુકી, અને જયારે નાણા પાછા આપી મુર્તી લેવા આવ્યો ત્યારે જયા દરબારે અને જસાણી કામદારે જે કોઠા ઉપર માતાજીની સ્થાપના કરી હતી. અને તે ગોખમાંથી અવાજ આવતો જે હું તારી સાથે નહી આવું તને જયારે દર્શનની ઈચ્છા થાય ત્યારે તુ અહી આવજે જસાણી કામદારના સપનામાં અવીને માતાજીએ કહીયું કોર્ડ જસાણી પરિવારના કુળદેવી તરીકે પણ પુજાઈય, ત્યાર પછી જસાણી પરિવારનાં નૈવેધ, હવન, છેડાછેડી, બધુ જ અહી થાય છે. હાલ ગામનાં ખેડૂતોનાં કરવેરાથી દશેરાના દિવસે હવન થાય છે. કોઈપણ વિનાશ કે રોગથી રક્ષણ માટે ગામનાં લોકો માતાજીને લાપસી કરે છે. માતાજીની શ્રધ્ધાથી માનતા માને છે. શ્રધ્ધાળુની મનોકામનાં પુર્ણ થાય છે. નવરાત્રીમાં અહીયા મોટી સંખ્યામાં ભાવીકોની ભીડ રહે છે. તેમાં આઠમનો મહીમાં મોટો છે. અને મંગળવાર તેમજ રવિવાર દર્શનનો પણ અહીયા વિશેષ મહીમા છે. નવરાત્રીમાં દરરોજ અલગ અલગ રણગાટ કરવામાં આવે છે.

### ઉદ્યોગપતિના નિધન બાદ એએમસીનું નિવેદન

# રખડતાં કૂતરાને કારણે વાઘબકરીના પરાગ દેસાઈનો જીવ ગયો નથી

## કૂતરાઓ પાછળ પડવાને કારણે પરાગ દેસાઈ પડી ગયા હતા અને તેમને બ્રેઇનહેમરેજ થયું હતું : એએમસી

અમદાવાદ, તા.૨૩

ગુજરાતમાં અમદાવાદ સહિત અનેક શહેરોમાં રખડતાં કૂતરાઓનો ત્રાસ સતત વધી ગયો છે. સરકાર તથા તંત્રની કામગીરી માત્ર કાગળ પર જ દેખાઈ રહી છે.

અમદાવાદ મહાનગર પાલિકા કૂતરાઓના ખસીકરણ પાછળ કરોડો રૂપિયાના ધૂમાડા કરી રહી છે, પરંતુ અમદાવાદની જનતા કૂતરાઓના ત્રાસથી ત્રસ્ત થઈ ગઈ છે. અમદાવાદમાં રખડતા કૂતરાઓને કારણે વાઘબકરી બ્રાન્ડના માલિક પરાગ દેસાઈએ પોતાનો જીવ ગુમાવ્યો છે. પરંતુ અમદાવાદ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન આ વાત નકારી રહ્યાં છે. અમદાવાદમાં વાઘ બકરી ગ્રુપના ડાયરેકટર પરાગ દેસાઈની પાછળ રખડતા કૂતરાઓ દોડ્યા હતા.

આ દરમિયાન કૂતરાઓના ત્રાસને કારણે પરાગ દેસાઈ પડી ગયા હતા. ત્યારબાદ તેમને બ્રેઈન હેમરેજ થયું હતું અને સારવાર દરમિયાન તેમનું નિધન થયું છે. ઉદ્યોગપતિના મોત બાદ અમદાવાદમાં રખડતાં કૂતરાઓ પર સવાલ ઉઠી રહ્યાં છે.

હવે અમદાવાદ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીનું નિવેદન સામે આવ્યું છે. દેવાંગ દાણીએ કૂતરાઓના ત્રાસને કારણે પરાગ દેસાઈનું મોત થવાની વાત નકારી છે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને હાથ અધ્ધર કરતા કહ્યું કે, પરાગ દેસાઈની પાછળ કૂતરું પડ્યું નહોતું. તેમણે કહ્યું કે, રખડતાં કૂતરાઓને કારણે પરાગ દેસાઈનો જીવ ગયો નથી. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને કહ્યું કે સ્લીપ થઈ જવાને કારણે પરાગ દેસાઈનું નિધન થયું છે.

એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ બાબતે પોતાનો કોઈ વાંક ન હોય તે સાબિત કરવા ઈચ્છે છે. એએમસી તંત્ર રખડતા કૂતરાઓ બાબતે હાથ અધ્ધર કરી રહ્યાં છે.

બીજીતરફ વાઘબકરી ગ્રુપના પરાગ દેસાઈને સારવાર માટે અમદાવાદના એસજી હાઈવે પર આવેલી સેલ્બી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

હવે હોસ્પિટલનું સત્તાવાર નિવેદન સામે આવ્યું છે. સેલ્બી હોસ્પિટલે પોતાના મેડિકલ બુલેટિનમાં જણાવ્યું કે પરાગ દેસાઈને ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા.

હોસ્પિટલે પોતાના મેડિકલ બુલેટિનમાં પણ સ્પષ્ટ કર્યું કે, પરાગ દેસાઈ પાછળ કૂતરાઓ પડ્યા હતા. મેડિકલ બુલેટિનમાં કહેવામાં આવ્યું કે કૂતરાઓ પાછળ દોડવાને કારણે પરાગ દેસાઈ પડી ગયા હતા અને તેમને ઈજા પહોંચી હતી.

મેડિકલ બુલેટિનમાં તે પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પરાગ દેસાઈને કૂતરું કરડ્યું નથી. પરંતુ કૂતરાઓ તેમની પાછળ પડ્યા હતા અને પરાગ દેસાઈ પડી ગયા હતા.

સેલ્બી હોસ્પિટલે કહ્યું કે પરાગ દેસાઈને ૭૨ કલાક ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમના સંબંધીઓની રજૂઆતને આધારે ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. અમદાવાદની પ્રતિષ્ઠિત હોસ્પિટલે પોતાના મેડિકલ બુલેટિનમાં એક ખાસ ઉલ્લેખ પણ કર્યો છે.

હોસ્પિટલે કહ્યું કે અમારી પાસે કૂતરાઓ કરડવાનાં ઘણા કેસ આવી રહ્યાં છે. જેમાં કેટલાક કેસ રખડતાં ઢોરને કારણે અકસ્માતના પણ આવે છે. એટલે અમદાવાદ પાલિકા ભલે આ વાત સ્વીકારવા તૈયાર ન હોય પરંતુ પરાગ દેસાઈનું મોત કૂતરાઓના ત્રાસને કારણે થયું છે.

### વર્ષોથી પ્રાચિન પદ્ધતિથી જ ઉજવણી

# અમરેલીમાં છેલ્લા ૫૩ વર્ષથી નાગનાથ યુવક મંડળ દ્વારા નવરાત્રિની ઉજવણી

## તબલા, મંજુરા, સાજીદવૃંદ અને ગાયક સાથે જમાવટ



અમરેલી, તા.૨૩

અમરેલીમાં શ્રી નાગનાથ યુવક મંડળની પ્રાથમિક શરૂઆત આમી તો નાગનાથ નવરાત્રી મંડળ દ્વારા ૧૯૭૧ ની સાલમાં શેરીનાં લોકો તથા ભાઈઓ બહેનો દ્વારા નકકી થવા પ્રમાણે નવરાત્રીના દિવસો દરમ્યાન રાસ–ગરબા માટે પ્રાસીન પ્રથા એટલે કે તબલા–મંજીરા, ગાયક,સાજીંદવૃંદ સાથે શરૂ કરેલ જેમાં અમારા કીલોસોફટ સાઉન્ડ, માર્ગદર્શક તરીકે અમારા સ્નેહી વડીલ ડો.પી.પી.પંચાલ એમનાં સાથ દ્વારા અમો આ પંથ કાપી શકયા છીએ. જેમાં રામજીભાઈ કાપડીયા, સુરેશભાઈ વ્યાસ, રમેશભાઈ માંડલીયા, નરેન્દ્ર પવાર, (નંદાભાઈ) સ્વ. કૌશિક શામળ દાસ ગાંધી, જસુભાઈ જાની એમનાં સહકારથી નવરાી શરૂ કરવામાં આવેલ. તેમજ દરવર્ષે નવરાત્રી ઉત્સાહથી પ્રાચીન રીતે ઉજવવામાં આવે છે. જે અંગે ૨૦૨૧ની સાલમાં ૫૦ વર્ષ પુરા થતાં સમગ્ર શેરીનાં પ્રજાજનો તથા અમારા સ્નેહી ડો.પંચાલ સ્વ. કૌશિક ગાંધીનાં ભાઈ વર્ષિલ ગાંધી તેમજ સમગ્ર શેરીનાં લોકો મળી ૫૦ વર્ષની ઉજવણી કરવામાં આવેલ. સને–૧૯૮૯ થી સાર્વજનિક ગણપતિ ઉત્સવ નાગનાથ યુવક મંડળના સંચાલન હેઠળ આવતા તેના ૧૦૦ વર્ષની ઉજવણી સને ૧૯૯૯ સાલમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવેલ. જેના નાગનાથ યુવક મંડળના પ્રમુખ મુકેશ જાની રમેશ પંડયા, રમેશ માંડલીયા, નરેન્દ્ર પવાર, હર્ષદ પંડયા, ભીખુ દેસાઈ, રાજન જાની દિનેશ કદમ વિગેરે યુવક મંડળનાં સભ્યો તેમનાં ભાવીકો તેમજ દોરીના સાથ સહકાર સાથે સફળ આયોજન કરવામાં આવેલ જે સફળતા પુર્વક પુર્ણ કરેલ. જે યુવક મંડળની સેવાકીય કાર્યમાં દરેક સભ્યો તથા શેરીમાં સહકારની ભાવનાં સાથે સ્નેહ સાથે હાલમાં પણ ઉજવણી કરવામાં આવેલ છે.

# નાના રાજકોટ, કલ્યાણપર, ખારા, પુંજાપાદર મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક કમ કુકની મદદનીશની આવશ્યકતા

અમરેલી, તા.૨૩, લીલીયા તાલુકાના મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલક કમ કુક (વ્યવસ્થાપક) રસોયા (કુક – કમ – હેલ્પર) મદદનીશ (હેલ્પર)ની આવશ્યકતા છે. આ જગ્યા માટે તા.૦૪ નવેમ્બર,૨૦૨૩ સુધીમાં લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે કચેરી કામગીરી સમય દરમિયાન ફી ભરી અને અરજી બપોરે ૦૨ વાગ્યા સુધીમાં રજિસ્ટ્રી ટેબલ પર પહોંચાડવાની રહેશે. ખાલી જગ્યાઓમાં પ્રથમ પ્રયત્ન અંતર્ગત નાના રાજકોટ ગામે સંચાલક કમ – કુક (વ્યવસ્થાપક), રસોયા (કુક કમ હેલ્પર), મદદનીશ (હેલ્પર)ની ખાલી જગ્યા છે. કલ્યાણપર ગામમાં રસોયા (કુક – કમ – હેલ્પર)ની ખાલી જગ્યા છે. જયારે બીજા પ્રયત્ન અંતર્ગત ખાર અને પુંજાપાદર ગામે સંચાલક– કમ – કુકની ખાલી જગ્યાઓ છે. આ ઉમેદવારી માટેના અરજીપત્રક તા. ૧૯ – ૧૦ – ૨૦૨૩ ૦૪ – ૧૧ – ૨૦૨૩ સુધીમાં અરજી મંગાવવાની રહેશે.

ઓછામાં ઓછી ધો.૧૦ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ આધાર પુરાવા સાથે જરૂરી વિગતો ભરીને અરજી પત્રક લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે રજૂ કરવા. આ કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા માટેની અરજી ઉમેદવારોની લાયકાત, ઉંમર સરકારના ઠરાવેલ ધોરણો અનુસાર હશે તેમને રૂબરૂ બોલાવવામાં આવશે. આ જગ્યાઓ માટે સરકાર દ્વારા નિયત માનદ વેતન આપવામાં આવશે. અરજી કરવાનું નિયત નમૂના પત્રક લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતેથી જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમિયાન મળશે. આ નિમણુંક અનાજ દળવાની ઘંટી ચલાવતા વ્યકિતને, વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા વ્યકિતને, શાકભાજી, મરી મસાલા, જલાઉ લાકડાનો વ્યાપાર કરતા, અન્ય ધંધાથી વેપાર કરતી કે દુકાન ચલાવતી વ્યકિતઓને, ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોય, પોલીસ ફરિયાદ થઈ હોય, કોર્ટ દ્વારા સજા થઈ હોય તેવા અરજદારો દ્વારા અરજી આપી શકાશે નહીં. આ ઉપરાંત અરજદાર સ્થાનિક સ્વરાજની સંસ્થા, વિધાનસભા, લોકસભા, અથવા કોઈ પણ સહકારી સંસ્થા, રજિસ્ટર્ડ સોસાયટી, રજિસ્ટર્ડ ટ્રસ્ટમાં માનદ સેવાનું અથવા ચૂંટાયેલું પદ ધરાવતા હોય અને તેવું પદ છોડવા માંગતા ન હોય તો અરજી કરી શકશે નહીં, તેમ મામલતદાર લીલીયાએ એક યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી ખાતે ડો. વિવેક જોષીની 'એક્યમ' હોસ્પિટલનું નવપ્રસ્થાન થયું



અમરેલીનાં સુપ્રીસધ્ધ ડો. વિવેક જોષીની 'એકયમ' હોસ્પિટલનું નવપ્રસ્થાન તેમનાં પિતા પ્રકાશભાઈ જોષી, માતૃશ્રી દક્ષાબેન જોષી, તેમજ ડો.અરૂણ વ્યાસ અને રેખાબેન, કોઠારીના વરદ હસ્તે કરવામાં આવ્યું, આ તકે માનવ મંદિરના ભકિતરામબાપુ તેમજ સંતો, મંહતોએ આશીર્વાદ પાઠવ્યા હતા. આ તકે શહેરભરનાં નામાંકિત તબીબો, તેમજ સામાજિક આગેવાનોએ ડો.વિવેક જોષીને શુભકામનાં પાઠવી હતી.

## અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવમાં સી.પી.આર. તાલીમ અપાઈ

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા આયોજિત નવરાત્રિ મહોત્સવમાં માતાજીની આરાધનાં સાથે જન સલામતી અને સ્વાસ્થ્ય, સ્વચ્છતા સહિતનાં સામાજિક વિષયોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડા હિમકરસિંહનાં માર્ગદર્શન હેઠળ ગતરોજ શુક્રવારે માના છઠ્ઠા નોરતે જિલ્લા પોલીસ હેડ કવાર્ટર મેદાનમાં શહેરનાં નિષ્ણાંત એઈમ્સ હોસ્પીટલનાં તબીબ એવા ડો.કોટડીયા દ્વારા સી.પી.આર. તાલીમ આપવામાં આવી હતી. રાજયનાં ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ભાવગનર રેંજનાં રેંજ આ.ઈ.જી.નાં માર્ગદર્શન નીચે અમરેલીના નાગરિકોનાં સ્વાસ્થ્યની ચિંતા કરતા જિલ્લા પોલીસવડા હિમકરસિંહ દ્વારા આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો.




ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ હાર્ટ એટેકના વધી રહેલા કેસની સંખ્યાને જોતા આ તાલીમ ઉપયોગી સાબિત થઈ શકે છે. હાર્ટ એટેક આવે તેવા સંજોગોમાં આપતિ સારવાર મળે તે પહેલા કેવી રીતે અને કઈ સ્થિતિમાં સી.પી.આર આપવો તેનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન મંચ પરથી દર્શાવવામાં આવ્યું હતું. અમરેલીનાં દ્વારા ૭૦૦૦ કરતા વધારે ખેલૈયાઓની હાજરીમાં કરવામાં આવેલું અને સાથે હજારોની સંખ્યામાં લોકો લાઈવ પ્રસારણ દ્વારા નિહાળ્યું હતું. ગુજરાતના જાણીતા લોકસાહિત્યકાર માયાભાઈ આહિર અને હિતેશભાઈ અંટાળા પણ આ તકે ઉપસ્થિત રહયા હતા. અને હિતેશભાઈ અંટાળા દ્વારા આ ઉમદા પહેલને આવકારવામાં અવી હતી. અને તેમને કહયું હતું કે નવરાત્રિની આરાધનામાં આ સમગ્ર ગુજરાતમાં પ્રથમ પહેલ હશે જેમાં લોકહિત માટેનાં પ્રકલ્પ યોજાઈ રહયા છે. જેમનો સીધો લાભ નિદર્શન કરનાર સૌ કોઈ નગરજનોને પણ થશે.

પાના ૮ ઉપરનું ચાલું **કોવાયા ગામે ટાઉનશીપનાં**

નામના ૪૧ વર્ષિય યુવકનાં સીકયુરીટી ગાર્ડ ટાઉનશીપનાં ગેટની અંદર કોવાયા ગામે રહેતા વિજય લાખણોત્રા ઉભો હોય તેને જતો રહેવાનું કહેતા તેને સારૂ નહી લાગતા બે ફોર વ્હીલમાં મુળુભાઈ લાખણોત્રા સહિત ૪ લોકોએ ત્યાં આવી સીકયુરીટી ઓફિસરને માથાનાં ભાગે છરી, લાકડી જેવા હથીયારોથી હુમલો કરી ઈજા કર્યાની ફરિયાદ પિપાવાવ મરીન પોલીસમાં નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પાના ૧ ઉપરનું ચાલું **લાઠીનાં શેખપીપરીયા ગામે**

ફરીનાં પિતાને મરણોતર ગંભીર ઈજા પહોંચાડી મોત નિપજાવી પોતાનો સમાન ઈરાદો પાર પાડી અધિક જિલ્લાનાં હથીયાર બધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો રજી. થયેલ છે.

પકડાયેલ આરોપીઓની વિગત :

(૧) ગેંદાલાલ જોહરૂભાઈ મેહડા (ઉ.વ. ૪૦) ધંધો. મજુરી મુળ રહે. હરદાસપુર (બોર્જાદ) સેવજી ફળીયા તા.જોબટ જિ.અલીરાજપુર (એમ.પી.) હાલ રહે. રમેશભાઈ ગોપાલભાઈ ભાદાણીની વાડીએ શેખપીપરીયા, તા.લાઠી, જી.અમરેલી (૨) ગીન્દરીયા જોહરૂભાઈ મેહડા (ઉ.વ.૩૫) ધંધો–મજુરી મુળ રહે. હરદાસપુર (બોર્જાદ) સેવજી ફળીયા તા. જોબટ જિ. અલીરાજપુર (એમ.પી.) હાલ રહે. વજુભાઈ પટેલની વાડીએ જીથુડી, તા. વડીયા (૩) નાનકીયા ઉર્ફે નાનકો ગેંદાલાલ મેહડા (ઉ.વ. ૧૯) ધંધો, મજુરી મુળ રહે. હરદારસપુર (બોર્જાદ) સેવજી ફળીયા તા. જોબટ, જિ. અલીરાજપુર (એમ.પી.) હાલ રહે. રમેશભાઈ ગોપાલભાઈ ભાદાણીની વાડીએ શેખપીપરીયા તા.લાઠી

આ કામગરી લાઠી પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. એસ.જે. બરવાડીયા, તથા અના એ.એસ.આઈ. ડી.વી. સરવૈયા તથા હેડ કોન્સ. હસમુખભાઈ નાનજીભાઈ ખુમાણ તથા પો.કોન્સ. વિશ્વજીતસિંહ વિગેરે ગોહિલ તથા પો.કોન્સ. શૈલેષભાઈ ડી. કામળીયા, તથા પો.કોન્સ. ઘનશ્યામભાઈ પી. ખાટરીયા તથા પો.કોન્સ. કુલદીપભાઈ એન. ગરૈયા તથા પો.કોન્સ. જયકુમાર કે. મકવાણા દ્વારા કરવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

**વાવડા ગામનાં**

જમોડ નામના ૨૬ વર્ષિય રત્નકલાકારને તે જ ગામે રહેતા સામાવાળા શાર્દુલભાઈ ભીખાભાઈ જાદવની દીકરી સાથે પ્રેમ સંબંધ હોય. જે બાબતે સામાવાળાને જાણ થતા અને તેમને સારૂ નહીં લાગતા શાર્દુલભાઈ ભીખાભાઈ જાદવ, નીકુંજ શાર્દુળભાઈ જાદવ તથા મહેશ શાર્દુળભાઈ જાદવ (રહે. વાવડા, તા. બાબરા) વાળાએ એક સંપ કરી લોખંડની પાઈપ તથા લાકડીઓ વડે રત્નકલાકારને મારી નાખવાના ઈરાદે હુમલો કરી મરણોતર ઈજા કરી તેમજ શરીરે મુંઢ માર મારી ગાળો આપેલ. તે બાબતની ફરિયાદ થતાં બાબરાના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. આર.એચ. રતનના માર્ગદર્શન મુજબ બાબરાના પોલીસ સબ ઈન્સ. એ.એમ. રાધનપરા તેમજ પોલીસની અલગ અલગ ટીમો બનાવી આ કામના આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જેથી ગુન્હો દાખલ થયાની ગણતરીની કલાકોમાં ગુન્હામાં સંડોવાયેલ ત્રણેય આરોપીઓને પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## અમરેલીમાં આજે ક્ષત્રિય રાજપુત સમાજ દ્વારા શસ્ત્રપૂજન



અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લા ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિજયા દશમીના દિવસે શસ્ત્ર અને શાસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવશે. વિજયા દશમીના દિવસે ક્ષત્રિય રાજપૂત સમાજ દ્વારા પારંપરિક રીતે સમી વૃક્ષની નીચે ફોરવર્ડ સ્કૂલના મેદાન પર શસ્ત્ર પૂજનનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ યોજવા માટે સત્યનારાયણ મંદિરે જ્ઞાતિના અગ્રણીઓની મિટિંગ મળેલ શસ્ત્ર પૂજનની સાથે શાસ્ત્રનું પણ પૂજન થાય તે અનિવાર્ય છે શસ્ત્રો દ્વારા શાસ્ત્રોનું તેમજ ધર્મનું રક્ષણ પ્રાચીન કાળથી થતું આવ્યું છે.

વિજયા દશમી શસ્ત્ર પૂજન તા. ૨૪/૧૦/૨૩ ના રોજ સમય ૯:૩૦ થી ૧૨:૩૦ સુધી ફોરવર્ડ સ્કૂલ ખાતે યોજાશે.


**જાહેર નોટિસ**

આથી હુ નીચે સહી કરનાર : સુરેશ બી. મકવાણા એડવોકેટ રહે. અમરેલીના તે અમારા અસીલ અરૂણાબેન હિતેષભાઈ ગોલ, રહે. અમરેલી, તા.જિ. અમરેલીનાની મળેલ સુચના, માહીતી અનુસાર લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ, અમરેલી, તા. જિ. અમરેલી મુકામે રહે છે. અમારા અસીલના નામજોગ એક શ્રી હિતેષભાઈ રણછોડભાઈ ગોલ, વિગેરે–૧, રહે. બન્ને, અમરેલીનાએ રજી.વે.દ.અનુ.નં. ૧૮૦૬ થી તા. ૦૪/૦૫/૨૦૧૫ ના રોજ અમરેલી ગામે સુધરાઈ હદમાં વરસડા રોડ રસ્તે "સારથી ઈન્ડસ્ટ્રીયલ–સી"ના પડેલા પ્લોટો માહેની પ્લોટ નં. ૪ ઔદ્યોગિક હેતુના રે.સ.નં.૧૭૮ પૈ.૧ પૈ.જેના ચો.મી. ૬૮૭–૭૫, વાળી જમીન મીલ્કતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. ત્યારથી અમારા અસીલ સદરહુ પ્લોટના માલીક કબ્જેદાર છે. અમારા અસીલના નામજોગ વેચાણ આપનાર ઈસમોએ એક શ્રી વસંતબેન જીલુભાઈ ધાધલ રહે. ચાંદગઢ, તા.જિ. અમરેલીના કુ.મુ. દિનેશભાઈ વશરામભાઈ બાંભરોલીયાએ વે.દ.અનુ.નં. ૧૦૭૬ થી તા.૩૦/૩/૨૦૧૨ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. આમ, અમારા અસીલના નામજોગ થયેલ વેચાણ દસ્તાવેજવાળી જમીન/મીલ્કતનો વેચાણ વ્યવહાર કુ.મુ. મારફત થયેલો હોય અને વેચાણ દસ્તાવેજની રૂઈએ સદરહુ મીલ્કતનું અમારા અસીલે અમારા પાસેથી સદરહુ દસ્તાવેજવાળી મીલ્કતનો ટાઈટલ કલીયર રીપોર્ટ મળવા માંગણી કરેલ છે.

આમ ઉપર મુજબ અમારા અસીલના નામજોગ રહેલી સદરહુ વેચાણ દસ્તાવેજવાળી પ્લોટવાળી મીલ્કતના વેચાણ વ્યવહાર કુલમુખત્યાર મારફત થયેલો હોય તે સમયે કુલમુખત્યારનામુ અસ્તીત્વમાં હોય તે રીતે અમારા અસીલના નામજોગ સદરહુ દસ્તાવેજવાળી મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિત કે નાણાકીય સંસ્થા કે સહકારી કે અર્ધસહકારી સંસ્થાનું હીત સમાયેલ હોય કે સદરહુ દસ્તાવેજવાળી મીલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો થયેલ હોય અથવા તો કોઈપણ ઈસમનો સદરહુ મીલ્કતમાં કોઈ લાગભાગ કે હકક હીસ્સો આવેલ હોય કે ઉપરોકત દસ્તાવેજ કરી આપનારના નામજોગ રહેલ સદરહુ મીલ્કતના વેચાણ દસ્તાવેજે થયા પહેલા સદર મીલ્કતના કુલમુખત્યાર આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય કે રદ થયેલા હોય કે કોઈપણ ઈસમને વાંધા રહેલા હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૩ માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવુ અન્યથા આ અંગે કોઈને હરકત વાંધા કે તકરાર નથી અને જો હોય તો તેઓએ સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અમારા તરફેથી અમારા અસીલને ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યા બાદ આ અંગેની કોઈજ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. જે અંગે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા. ૨૩/૧૦/૨૦૨૩
સ્થળ :– અમરેલી

**સુરેશ બી. મકવાણા**
**એડવોકેટ–અમરેલી.**
**ઠે. "ક્રિશ" બહારપરા, સાવરકુંડલા રોડ–અમરેલી.**



**જાહેર નોટિસ**

**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી.**

અપીલ રજી. નં. ૧૫૪/૨૦૨૩

અરજદાર : શ્રી અરવિંદભાઈ રામજીભાઈ દેસાઈ
મું. જશવંતગઢ, તા. જિ. અમરેલી.

// વિરૂધ્ધ //

સામાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
–વ–
તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. ચિતલ, તા.જિ. અમરેલી.

// જાહેર નોટિસ //

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામના રહીશ શ્રી અરવિંદભાઈ રામજીભાઈ દેસાઈએ તેમના પિતાશ્રી રામજીભાઈ માધાભાઈ દેસાઈનું મરણ તા. ૦૧/૦૪/૧૯૭૭ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. /૧૦/૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

સિકકો

સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ
અમરેલી


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૫ | ૧૪૬૩ |
| ૨ | મગફળી | ૯૬૫ | ૧૧૪૦ |
| ૩ | ઘઉં | ૪૨૧ | ૪૯૪ |
| ૪ | ચણા | ૧૦૫૨ | ૧૧૬૦ |
| ૫ | સોયાબીન | ૮૩૫ | ૯૦૩ |
| ૬ | અડદ | ૧૪૫૦ | ૧૭૩૫ |
| ૭ | તલ | ૨૯૫૦ | ૨૯૫૦ |
| ૮ | મકાઈ | ૩૦૫ | ૪૭૫ |
| ૯ | ધાણા | ૯૦૧ | ૧૧૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૨૦ | ૧૩૪૫ |
| ૨ | શિંગ મોટી | ૯૮૨ | ૧૪૨૬ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૬૩૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૭૫૦ |
| ૫ | તલ કાળા | ૨૧૮૫ | ૩૫૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૧૦ | ૪૧૩૦ |
| ૭ | બાજરો | ૩૫૧ | ૩૮૦ |
| ૮ | જુવાર | ૭૫૦ | ૧૧૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૬૬ |
| ૧૧ | અડદ | ૧૬૧૦ | ૧૭૩૦ |
| ૧૨ | ચણા | ૯૧૦ | ૧૩૨૧ |
| ૧૩ | તુવેર | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | કપાસ | ૯૪૫ | ૧૪૯૫ |
| ૧૫ | એરંડા | ૧૧૦૬ | ૧૧૨૫ |
| ૧૬ | ધાણા | ૧૦૯૦ | ૧૪૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૬૦ | ૯૬૯ |
| ૧૮ | રજકાનું બી | ૧૫૦૦ | ૪૨૫૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૨૦ | ૧૪૧૧ |
| ૨ | મગફળી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૩ | તલ સફેદ | ૩૨૨૦ | ૩૨૨૦ |
| ૪ | સોયાબીન | ૯૨૧ | ૯૨૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૧૧ | ૧૫૦૦ |
| ૨ | મગફળી | ૧૨૦૦ | ૧૩૪૦ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૩૫૦ |
| ૪ | ઘઉં | ૪૮૫ | ૫૦૭ |
| ૫ | સોયાબીન | ૮૧૧ | ૯૧૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૪૦ | ૧૬૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૪૧૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૮૪ |
| ૪ | કપાસ | ૧૩૨૫ | ૧૪૪૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૮૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૯૧ | ૫૮૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૭૩ |
| ૮ | જુવાર | ૬૦૦ | – |
| ૯ | અડદ | ૧૪૦૦ | ૧૫૫૨ |
| ૧૦ | ચણા | ૧૦૩૦ | ૧૨૭૧ |
| ૧૧ | સોયાબીન | ૮૨૫ | ૯૫૯ |
| ૧૨ | રાય/રાયડો | ૧૨૧૩ | – |
| ૧૩ | સુવાદાણા | ૨૫૦૦ | – |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૧ |
| ૨ | ચણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૩ | જુવાર | ૧૧૪૩ | ૧૧૪૩ |
| ૪ | સોયાબીન | ૮૩૦ | ૯૪૯ |
| ૫ | ધાણા | ૭૦૦ | ૧૨૯૫ |
| ૬ | મગફળી | ૯૫૩ | ૧૨૮૪ |
| ૭ | અડદ | ૧૭૭૦ | ૧૭૭૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૨૮ | ૫૪૭ |
| ૯ | મેથી | ૯૧૨ | ૯૧૨ |
| ૧૦ | લસણ | ૧૦૦૫ | ૧૭૭૧ |
| ૧૧ | મગ | ૧૧૨૫ | ૧૫૦૦ |
| ૧૨ | તલ | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૧૩ | બાજરો | ૩૮૧ | ૩૯૧ |
| ૧૪ | શીંગદાણા | ૧૪૨૫ | ૧૯૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૮૨૫ | ૧૮૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૧ | ૧૩૨૧ |
| ૨ | તલ સફેદ | ૩૦૦૧ | ૩૩૩૩ |
| ૩ | કપાસ | ૧૦૦૧ | ૧૪૨૧ |
| ૪ | બાજરો | ૪૧૮ | ૪૪૪ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૨૫ | ૫૩૫ |
| ૬ | જુવાર | ૧૧૪૯ | ૧૨૦૧ |
| ૭ | ચણા | ૧૦૩૦ | ૧૧૩૧ |
| ૮ | સોયાબીન | ૯૦૦ | ૯૦૧ |

# બાબરામાં મેલડી માઁ મંદિર ખાતે નવરાત્રિ મહોત્સવમાં બાળાઓની માતાજીની દિવ્ય ઝાંખી દર્શન



બાબરામાં નિલવળા રોડના કાંઠે અને તળાવની પાળે બિરાજતા શ્રી વડલીવાળી મેલડી માઁ ના મંદિરે માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા ભવ્ય પ્રાચીન નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે અહીં આયોજીત નવરાત્રી મહોત્સવમાં બાબરા શહેર સહિત આસપાસની ગ્રામ્ય વિસ્તારની બાળાઓ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રાસે રમી રહી છે ત્યારે અહીં નવરાત્રીના આઠમાં નોરતે બાળાઓ દ્વારા આદ્યશક્તિના વિવિધ અવતારની વેશભૂષા કરી દિવ્ય ઝાંખી કરાવી હતી.

### સરકારી નોકરી મેળવનાર ભાઈઓ–બહેનોની સાથે

## અમરેલી જિલ્લા સમસ્ત અનુ.જાતિ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

**ધો. ૧૦થી ઉચ્ચ અભ્યાસમાં ઉતિર્ણ થનાર તમામને સન્માનીત કરાયા**



અમરેલી, તા. ૨૩

અમરેલી ખાતે તારીખ ૨૧ ઓકટોબર ૨૦૨૩ને શનિવારના રોજ સમગ્ર અમરેલી જીલ્લાના સમસ્ત અનુસુચિત જાતિ સમાજના પ્રતિભાવંતી વિદ્યાર્થીઓ તથા હાલમાં જ સરકારી નોકરી મેળવનાર ભાઈઓ–બહેનોનો સન્માન સમારોહ અમરેલી લાઠી રોડ પર આવેલ આર.કે. સાયન્સ સ્કુલમાં યોજાયો હતો. બપોરે ૨ વાગ્યે સન્માનનીય મહેમાનો દ્વારા દિપપ્રાગટય સાથે શરૂ થયેલ.

આ કાર્યક્રમમાં વર્ષ એટલે કે ૨૦૨૨–૨૩માં ધો. ૧૦, ૧૨, બી.એ., બી.કોમ, બી.એડ., એમ.એડ., એન્જીનીયરીંગ, એમ.બી.બી.એસ. તેમજ અન્ય વિભાગમાં સારા ટકા લાવી પાસ થનાર વિદ્યાર્થીઓને તથા સાથે સાથે હાલમાં પોલીસ કોન્ટેબલ, વિદ્યુત સહાયક, શિક્ષક, કલાર્ક, આરોગ્ય વિભાગમાં નોકરી પર લાગેલા ભાઈઓ–બહેનોને પણ સન્માનીત કરવામાં આવ્યા હતા. આયોજકો દ્વારા સન્માનીય તમામ ભાઈઓ–બહેનોને શૈક્ષણિક કીટ તથા સાથે સાથે મહેશભાઈ ગોહિલના સહયોગથી બાબાસાહેબ પર ડો. સુનીલ જાદવ દ્વારા લખેલ પુસ્તક "સિમ્બોલ ઓફ નોલેજ" પુસ્તક ભેટમાં આપવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમ નીલેશભાઈ બગડા, નાયબ નીયામક, અનુ. જાતી કલ્યાણ– સુરેન્દ્રનગરના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં ખાસ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા પધારેલા મોટીવેશનલ સ્પીકર ડો. સુનીલ જાદવે મોટીવેશનલ સ્પીચ આપી માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. આ સાથે રમેશભાઈ રાઠોડ નાયબ મામલતદાર, હીરેનભાઈ બગડા શિક્ષણ નીરીક્ષક, તુલસીભાઈ મકવાણા પ્રમુખ ઉ.મા. શિક્ષક સંઘ, મેઘાણી ડાયરેકટર એસબીઆઈ ટ્રેનીંગ સેન્ટર સહિતના આગેવાનોએ માર્ગદર્શન આપેલ.

આ કાર્યક્રમમાં કૌશિકભાઈ જોગદીયા, મનસુખભાઈ આંસલ, જયંતીભાઈ ગોહિલ, મુકેશભાઈ સોલંકી ચેરમેન કુંકાવાવ તાલુકા સામાજિક ન્યાય સમિતિ, પ્રવીણભાઈ ચાવડા ચેરમેન અમરેલી તાલુકા સામાજિક ન્યાય સમિતિ, મહેન્દ્રભાઈ ચાવડા, ચંદ્રશભાઈ રાઠોડ, વીરજીભાઈ સોલંકી, પ્રવિણભાઈ દામોદરા, અરવીંદભાઈ મકવાણા, વાલજીભાઈ, મેઘજીભાઈ, ભરતભાઈ મયાત્રા, ભીખાભાઈ સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતભાઈ માધડે કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન રાજેશભાઈ દામોદરા, જે.બી. મકવાણા, શરદભાઈ મકવાણા, શ્યામભાઈ સોલંકી, પ્રકાશભાઈ વાઘેલા, અમીતભાઈ જોગેલ, નરેશભાઈ દામોદરા, કુલદીપભાઈ વાળા, દર્શકભાઈ, દિપકભાઈ બગડા, મહેશભાઈ સહિતના મિત્ર મંડળ દ્વારા કરવામાં આવ્યુ હતું.

## અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગજનોને આર્થિક સહાય કરાઈ

અમરેલી, તા.૨૩

અમરેલી સેવા ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગજનોને મંદબુધ્ધિ ધરાવતા બાળક, માનસિક તકલીફ ધરાવતાં બાળક કે વ્યકિતને આર્થિક સહાય આપવામાં આવી હતી. ખાસ કરીને જરૂરીયાંત મદ દિવ્યાંગજનોને કુલ ૩૦ (ત્રીસ) ને રૂા.૪૦૦૦ ચાર હજાર રૂપિયા આપવાનો કાર્યક્રમ થયેલ દિવ્યાંગજનોને હુંફ અને ઉપીયોગી થવાનાં ભાવનાં સાથે આ આર્થિક સહાય આપવામાં આવી હતી. આ એક પ્રશંસનીય અને પ્રેરણાદાયી કાર્ય થયેલ આ સંસ્થામાં ડો.વસંતભાઈ પરિખ, મેનેજીંગ ટ્રષ્ટી રાજુભાઈ પરિખ, ડો.એ.જે.ડબાવાલા, ડો.કાલીન્દીબેન પરિખ તેમજ અન્ય સેવાઓ આપી રહયા છે. તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

### બે સિક્યુરિટી ગાર્ડને છુટા થતા

## બાબરામાં બેંક સ્ટાફ દ્વારા શ્રીફળ પડો આપી વિદાય અપાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૨૩

બાબરામાં આવેલ એક બેન્કમાં છેલ્લા ૮ થી ૧૦ વર્ષે સિકયુરિટી ગાર્ડમાં નોકરી કરતા બે ગાર્ડને છુટા કરતાં બેંક મેનેજર અને પુરા સ્ટાફ દ્વારા વિદાય આપવામાં આવી હતી. સિકયુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા હાર્દિક બસિયા અને વિજય તલસાણીયાને બેંક દ્વારા છુટા કરતા બને ગાર્ડનું બેંકના મેનેજર વિપુલભાઈ બાપુ અને પુરા સ્ટાફ દ્વારા શ્રીફળ પડો આપીને વિદાય આપવામાં આવી હતી.

## સાવરકુંડલાનાં ગુરૂકુલમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી



સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલામા જેસર રોડ ગુરૂકુળમાં ઉજવાયો નવરાત્રી મહોત્સવ શાળાના વિશાળ પટાંગણમાં અધ્યતન સાઉન્ડ સિસ્ટમ સાથે રંગબેરંગી ડ્રેસિંગ સાથે બાળકો ગરબાના તાલે ઝુલ્યા અને આ પ્રસંગને યાદગાર બનાવ્યો કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય વ્યાસ માતાજીની આરતી ઉતારી તેમજ શકિત આરાધના મહાત્મ્ય સમજાવી અને દરેક બાળકોને માતાજીના ગરબા રમવા પ્રેર્યા હતા બાલમંદિરના ભુલકાથી માંડીને હાઈ સ્કૂલના વિદ્યાર્થીઓ સહિત દરેકે ઉત્સાહભેર આનવરાત્રીનો લાભ લીધો હતો તેમજ શાળાનો શિક્ષક પરિવાર પણ આ ઉત્સવમાં જોડાયો હતો આવા સુંદર આયોજનને સંસ્થાના સંતોએ પણ આશીર્વાદ પાઠવ્યા હતા.

## કુંકાવાવનાં સનાળી શાળામાં દિવ્યાંગ શિક્ષકે માતૃ–પિતૃ વંદના કાર્યક્રમ યોજયો

કુંકાવાવ, તા. ૨૩

સનાળી પ્રા શાળામાં ફરજ બજાવતા અને દેરડી સ્થિત રમેશભાઈએ શિક્ષક તરીકે નિવૃત્ત થતાં પહેલા પોતાની દિવ્યાંગ અને અત્યંત ગરીબ સ્થિતિમાંથી આ કક્ષા સુધી પહોંચાડનાર પરમેશ્વર સ્વરૂપ માતા પિતાની વંદના કરવાનો અને પોતાના જીવનના અનેક પ્રસંગોએ સતત ઉપયોગી થનાર, પરિવારજનો, સબંધીઓ, મિત્રો વિગેરેના ઋણ સ્વીકારનો સરસ કાર્યક્રમ યોજી સૌના યોગદાનનો ખૂબ ભાવપૂર્વક જાહેર સ્વીકાર કરી પોંખણા કર્યા હતા.

આ વિશિષ્ટ કાર્યક્રમનો મંગલ પ્રારંભ હૃદયસ્થ માતા–પિતાની સમગ્ર પરિવારે ભાવપૂર્વક આરતીથી કર્યો હતો. ઉપસ્થિત સર્વેમાં પણ માતા–પિતા તરફના આદર માટે અહોભાવ ઉભો થયો હતો. ત્યાર બાદ તેમની વિદ્યાર્થીનીઓ અસ્મિતાબેન અને ધર્મિષ્ઠાબેન ભરવાડે માતા– પિતાના ગુણોને ઉજાગર કરતા સરસ ગીતો પ્રસ્તુત કર્યા હતા. શાબ્દિક સ્વાગત પૌત્ર મીતેશે કર્યુ હતું. એ પછી એમના શિક્ષણના વિકાસ માટે કે આરોગ્ય માટે કે ફી ભરવા માટે, લગ્ન માટે અને નોકરી મેળવવા સહિતના વિવિધ કામો માટે નબળી સ્થિતિમાં પણ જેમણે મદદ કરી છે.



એવા સૌ સંબંધીઓ, મિત્રો અને પરિવારજનો તેમજ બહેનો દીકરીઓ, પુત્ર, પુત્રીઓ, જમાઈઓ, કાકા–કાકી, વેવાઈઓ અને સાથી શિક્ષક મિત્રોનું શાલ અને રોકડ રકમથી ખૂબ આદર સાથે અભિવાદન કર્યુ હતું. જીવનના પ્રત્યેક તબકકે સાથ આપનાર અને પોતે દિવ્યાંગ હોવાછતા જીવનસાથી તરીકે પસંદ કરનાર પત્ની ચંપાબેનને ફુલહાર સ્મૃતિ ભેટ અને એક લાખ રૂપિયાની રોકડ રાશિ સાથે લાગણીભીનું સન્માન કર્યુ હતું. ચંપાબેને પણ એમની ખૂબ નબળી સ્થિતિના અનેક પ્રસંગો યાદ કરી ભાવસભર પ્રતિભાવ આપ્યો હતો. અને દૂર દૂરના ગામોથી આ પ્રસંગમાં હાજર રહી સન્માન સ્વીકારવા બદલ સૌનો આભાર માન્યો હતો. આ તકે તેમના સહાધ્યાયીઓએ અને આચાર્ય ધીરૂભાઈ મુજપરાએ રમેશભાઈની ઉત્તમ શૈક્ષણિક કામગીરીને બિરદાવી આવો પ્રસંગ પ્રથમ વખત જોવા મળ્યો છે તેમ કહી ખૂબ રાજીપો વ્યકત કર્યો હતો. કાર્યકમને સફળ બનાવવા પુત્ર વિવેકભાઈ પુત્રવધુ કાજલબેન પૌત્ર હેરીથ દિકરી વિધિ અને જમાઈએ જહેમત ઉઠાવી હતી. મગનભાઈ ભુવા દિનેશભાઈ ઠુમર સંકલન મદદમાં રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂર્વ બીઆરસી ઉદયભાઈ દેસાઈએ કર્યું હતું અને આજની નવી પેઢી માટે આ પ્રસંગ ખુબજ પ્રેરક અને દીવાદાંડી રૂપ ગણાવી લાગણીભીની શુભેચ્છા સાથે રાજીપો વ્યકત કર્યો હતો. અંતમાં જિંદગીમાં કેટલું કમાયા ગીત સાથે રમેશભાઈએ આભરદર્શન કર્યુ હતું.

## બાબરાના શિક્ષકનાં પુત્રએ ઉજબેકિસતાનમાં નવરાત્રિની ઉજવણી કરી



બાબરા, તા.૨૩, બાબરા બ્રહ્મસમાજના અગ્રણી અને પ્રાથમિક શાળા શિક્ષક અશોકભાઈ દવેના પુત્ર કેવલ દવે અને કેવિન દવે ઉજબેકિસ્તાનમાં રહી મેડિકલનો અભ્યાસ કરી રહ્યા છે અને તેમના જોડે ભણતા તેમનું ગ્રુપ ઉજબેકિસતાનમાં મેડિકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરે છે તેઓ માતા જગદંબાના નવલા નોરતાની ઉજવણી ઉજબેકિસતાનમાં કરતા નજરે પડે છે. ઉજબે કિસાનમાં હોટલ ના ગ્રાઉન્ડ ભાડે રાખી અને નવરાત્રીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા : સમસ્ત બ્રહ્મ સમાજ પ્રેરીત બ્રહ્મસેના દ્વારા નવરાત્રિ નિમિતે રકતદાન કેમ્પ યોજાયો



નવરાત્રી મહોત્સવના આયોજન સાથે બ્રહ્મ સમાજ દ્વારા બ્રહ્મપુરીમાં ગરબાના આયોજન સાથે રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા શાખાના સહયોગથી બ્રહ્મસેના દ્વારા બલ્ડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં રકતદાતાઓ દ્વારા ૫૧ બોટલ રકત એકત્ર થયું હતું અને રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા શાખાના સેક્રેટરી મેહુલભાઈ વ્યાસને અર્પણ કરાયું હતું. બ્રહ્મ સેનાએ કરેલ સેવાકીય કાર્યને સમાજના અગ્રણી તેમજ શહેરના નામાંકિત વ્યકિતઓ દ્વારા બિરદાવવામાં આવી હતી અને આવી જ રીતે ધાર્મિક તહેવારોને લોકઉપયોગી તેમજ સેવાકીય કાર્ય કરવાની પહેલ બ્રહ્મસેના દ્વારા કરવામાં આવી છે. શકિત નવરાત્રિ મહોત્સવના માર્ગદર્શક ચિરાગભાઈ આચાર્ય બ્રહ્મ સેનાના પ્રમુખ કિરીટભાઈ મહેતા, ઉપપ્રમુખ પુનિતભાઈ જોશી તેમજ આ મહોત્સવના કન્વીનર હરિતભાઈ જોશી એક યાદીમાં જણાવ્યું હતું.

## બગસરાનાં જુના ઝાંઝરીયા ગામે બનેલ ઘટનાને લઈને ઘેરા પ્રત્યાઘાતો

# શિક્ષકને આત્મહત્યા કરવા મજબૂર બનાવનાર આરોપીની ધરપકડ કરવા માંગ

**સરપંચ, ઉપસરપંચ અને ત્રણ શિક્ષિકાઓ દ્વારા જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરાયાનો આક્ષેપ થયો છે**

**આત્મહત્યા કરતાં પહેલા શિક્ષકે સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરીને વ્યથા વર્ણવી હતી**

**સ્થાનિક પોલીસે પાંચમાંથી માત્ર એક આરોપીની અટકાયત કરી હોય અન્ય ચાર આરોપીને ઝડપવા માંગ**

**દલિત સમાજનાં આગેવાનોએ રોષભેર મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બબગસરા, તા. ૨૩

બગસરા તાલુકાના દલિત સમાજના આગેવાનોએ આવેદનપત્ર આપી માંગ કરી છે કે જુના ઝાંઝરીયા ગામે શિક્ષક અને આચાર્ય તરીકે ફરજ બજાવતા કાંતિભાઈ ચૌહાણને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરતા કાંતિભાઈ ચૌહાણ દ્વારા એક વિડીયો વાયરલ કર્યા હોવા છતાં પોલીસ દ્વારા આ બાબતને ગંભીરતા લીધેલ ન હોય. જેથી કાંતિભાઈ ચૌહાણ પર વધારે પડતા ત્રાસના કારણે ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા દલિત સમાજમાં અરેરાટી વ્યાપી ગઈ છે. ત્યારે જુના ઝાંઝરીયા ગામે સરપંચ, ઉપસરપંચ સહિત ત્રણ શિક્ષિકાઓ દ્વારા જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી હેરાન પરેશાન કરતા કાંતિભાઈ ચૌહાણે આત્મહત્યા કરી હોય છતાં તમામ બાબત પોલીસ જાણતી હોવા છતાં પોલીસ દ્વારા એક આરોપી સિવાય બીજાની ધરપકડ કેમ નથી કરતા તેવી રજૂઆત સાથે મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપ્યું છે. ત્યારે બગસરા મામલતદાર કચેરીના ઈન્ચાર્જ મામલતદાર બી.કે. પરમાર દ્વારા આવેદનપત્ર સ્વીકારી બીજા આરોપી વહેલી તકે ઝડપી તે અંગે પોલીસ વિભાગને તથા વડી કચેરીને લેખીતમાં જાણ કરવામાં આવેલ.

---

### પૂર્વ સરપંચે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવ્યો

## લીલીયાના સલડી ગામે ગટરના કામમાં ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ

**સમગ્ર બનાવની તટસ્થ તપાસ કરવા માંગ**



લીલીયા, તા. ૨૩, લીલીયાના સલડી ગામના પૂર્વ સરપંચ બાલાભાઈ ડેરે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવીને ગામમાં થયેલ ગટરના કામમાં નિયમોનો ઉલાળીયો થયો હોય તટસ્થ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

---

### અમરેલી નજીક આવેલ

## દેવળીયા ગામે માતાજીનાં મઢે નૈવેધ કરવા આવેલ આરોપીઓએ યુવકને માર માર્યો

અમરેલી, તા. ૨૩

અમરેલી તાલુકાનાં દેવળીયા ગામે રહેતા ભરતભાઈ વિનુભાઈ વાઘેલા નામનાં ૩૫ વર્ષિય યુવકને ચાપાથળ ગામે રહેતા બાબુભાઈ ઉર્ફે નરભુભભાઈ વાઘેલા સહિત ૪ લોકો માતાજીનાં મઢે નૈવેધ કરવા આવેલ હોય. ત્યારે યુવકને ગાળો આપી આપી પાઈપ વડે આડેધડ માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

તો સામાપક્ષે બાબુભાઈ કરમશીભાઈ વાઘેલાએ પણ આ જ બનાવમાં ભરતભાઈ વિનુભાઈ વાઘેલા સહિત ૪ ઈસમોએ લાકડીઓ વડે માર માર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

---

### રાજુલા નજીક આવેલ

## કોવાયા ગામે ટાઉનશીપનાં દરવાજા પાસેથી જતાં રહેવાનું કહેતા સીકયુરીટીગાર્ડ ઉપર જીવલેણ હુમલો

**પોલીસે ૪ આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૩

મુળ ઉત્તરપ્રદેશનાં વતની અને હાલ જીસી ડબલ્યુ ટાઉનશીપમાં રહેતા સીકયુરીટી ઓફિસર તરીકે ફરજ બજાવતા ધનંજય પશુપતિનાથ ચૌલે

**અનુસંધાન પાના ૬ ઉપર**

---

### વ્હેલી સવારે અજાણ્યા વાહનચાલકે હડફેટે લેતા

## અમરેલીના લાઠી રોડ બાયપાસ ઉપર માર્ગ અકસ્માતમાં કિરીટભાઈ દવેનું મોત

**સ્થાનિક પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધ્યો**

અમરેલી, તા. ૨૩

અમરેલીમાં આવેલ બ્રાહ્મણ સોસાયટી રામનગર શેરી નં. ૬ રહેતા દિલીપકુમાર ગોરધનભાઈ દવે નામના ૬૯ વર્ષિય વૃદ્ધના ભાણેજ કિરીટભાઈજીવાભાઈ દવે પોતાના હવાલા વાળું મોટર સાયકલ ચલાવી આજે વહેલી સવારે પોણા ત્રણેક વાગ્યે અમરેલીના લાઠી રોડ બાયપાસ ઉપર આવેલ મારૂતિના શો–રૂમ સામે રોડ ઉપરથી પસાર થતાં હતાં ત્યારે કોઈ અજાણ્યા વાહન ચાલકે કિરીટભાઈ જીવાભાઈ દવે ના મોટર સાયકલ સાથે પોતાના હવાલાવાળું વાહન ભટકાવી દેતા બાઈક ચાલક કિરીટભાઈને શરીરે ગંભીર ઈજા થતાં ૧૦૮માં અમરેલી સિવિલ હોસ્પિટલમાં લઈ જતાં ત્યારે ફરજ પરના ડોકટરે તેમને મરણ ગયેલાનો જાહેર કરેલ હતાં.

મૃતક કિરીટભાઈના લગ્ન થયેલ નથી. અકસ્માત કરી નાશી જનાર અજાણ્યા વાહનના ચાલક વિરૂધ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

## વાવડા ગામનાં મારામારીનાં ગુન્હામાં આરોપીની અટકાયત



અમરેલી, તા. ૨૩

બાબરા તાલુકાના વાવડા ગામે રહેતા અક્ષયભાઈ વિનુભાઈ

**અનુસંધાન પાના ૬ ઉપર**


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)